

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 067
Dt.: 17-11-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


## બિહાર ચૂંટણીમાં વર્લ્ડ બેન્કના પૈસાનો દુરુપયોગ થયો હતો: જન સુરાજ પાર્ટીનો ગંભીર આક્ષેપ

### વર્લ્ડ બેન્ક પાસેથી પ્રાપ્ત પૈસા જે મૂળરૂપે કોઈ અન્ય પ્રોજેક્ટ્સ માટે હતા, તેને કેન્દ્ર સરકારે રાજ્યના મહિલા મતદારોમાં વહેંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)એ શાનદાર જીત મેળવી છે. ત્યારે આ વચ્ચે હવે બિહાર ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન બાદ પ્રશાંત કિશોરની પાર્ટી જન સુરાજે દાવો કર્યો છે કે રાજ્યની ચૂંટણીમાં વર્લ્ડ બેંકના પૈસાનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. જન સુરાજના પ્રવક્તા અને પાર્ટીના પ્રમુખ કર્તા-ધર્તા પવન વર્માએ આરોપ લગાવ્યો છે કે વર્લ્ડ બેંક પાસેથી પ્રાપ્ત પૈસા જે મૂળરૂપે કોઈ અન્ય પ્રોજેક્ટ્સ માટે હતા, તેનો કેન્દ્ર સરકારે બિહાર વિધાનસભા ઉપયોગ કરીને રાજ્યના મહિલા મતદારોમાં વહેંચી દીધા. જન સુરાજ પાર્ટીના પ્રવક્તા પવન વર્માએ આરોપ લગાવ્યો છે કે, વર્લ્ડ બેંકમાંથી મળેલા પૈસા જે મૂળ રૂપે કોઈ અન્ય પ્રોજેક્ટ માટે હતા, તેનો કેન્દ્ર સરકારે બિહાર વિધાનસભા ચૂંટણીમાં કર્યો. વર્માના જણાવ્યા પ્રમાણે ચૂંટણી પહેલા નીતિશ કુમાર સરકારે મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ ૧.૨૫ કરોડ મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેમણે દાવો કર્યો કે, આ રકમ વર્લ્ડ બેંક દ્વારા અન્ય પ્રોજેક્ટ માટે આપવામાં આવેલા ૨૧,૦૦૦ કરોડના ફંડમાંથી લેવામાં આવી હતી. આ સાથે જ જન સુરાજના પ્રવક્તા પવન વર્માએ કહ્યું કે, આચારસંહિતા લાગુ થયાના એક કલાક પહેલા ૧૪,૦૦૦ કરોડ ઉપાડીને મહિલાઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. બિહારનું જાહેર દેવું ૪૦૬,૦૦૦ કરોડ છે અને દરરોજ ૬૩ કરોડ વ્યાજ ચૂકવવું પડે છે, જેનાથી રાજ્યનો ખજાનો ખાલી થઈ ગયો છે. જન સુરાજના રાષ્ટ્રીય પ્રવક્તા ઉદય સિંહ આરોપ લગાવી ચૂક્યા છે કે, બિહાર ચૂંટણીમાં બહુમતી ખરીદવામાં આવી છે. જાહેર નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો અને રોકડ ટ્રાન્સફર દ્વારા મત ખરીદવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, આ ખર્ચથી બિહારના અર્થતંત્ર પર મોટો બોજ પડ્યો છે અને શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અસર પડશે. આરજેડીના સત્તામાં આવવાના ડરથી અમારા મતદારો NDAમાં જતા રહ્યા. અમને ૧૫% મત મળ્યા હોત પણ ૪% કરતા ઓછા મળ્યા. અમે ખુદને પણ પૂછી રહ્યા છીએ કે અમને આટલા ઓછા મત કેવી રીતે મળ્યા? દિલ્હી બ્લાસ્ટના કારણે સીમાંચલમાં ધ્રુવીકરણ થયું. જ્યારે પ્રશાંતજીએ ૨૫ બેઠકોની ભવિષ્યવાણી કરી હતી, ત્યારે જેડીયુ પણ આવી જ સ્થિતિમાં હતી. ત્યારબાદ તિજોરી ખુલી ગઈ. આ પૈસાને કારણે જેડીયુને વધુ બેઠકો મળી. મને નથી લાગતું કે તેમણે કંઈ ખોટું કહ્યું હતું.

### પોલીસે એક મોબાઈલ ફોન અને સિમ કાર્ડ જપ્ત કર્યું

## જૈશ આતંકી મોડ્યુલ: હરિયાણાથી ડૉ. પ્રિયંકા શર્માની અટકાયત

### ડૉ.પ્રિયંકા શર્મા જીએમસી અનંતનાગમાં પોસ્ટેડ હતી અને માલખાનાગ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જૈશ-એ-મોહમ્મદના આતંકી મોડ્યુલની તપાસમાં એક મોટી સફળતા મળી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમે અનંતનાગમાં દરોડો પાડ્યા હતા અને પૂછપરછ માટે હરિયાણાની મહિલા ડૉક્ટરની અટકાયત કરી હતી. ધરપકડ કરાયેલી ડૉક્ટરની ઓળખ હરિયાણાના રોહતકની ડૉ. પ્રિયંકા શર્મા તરીકે થઈ છે, જે જીએમસી અનંતનાગમાં પોસ્ટેડ હતી અને માલખાનાગ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી. અહેવાલો અનુસાર, તપાસ દરમિયાન ફોન કોલ ટ્રેલમાં તેનું નામ સામે આવ્યા બાદ કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમે તેના ઠેકાણા પર પહોંચી હતી. ઘટનાસ્થળેથી એક મોબાઈલ ફોન અને સિમ કાર્ડ જપ્ત કરવામાં આવ્યું હતું અને તેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે હરિયાણાની ટીમ તેના પરિવાર અને અન્ય વિગતો વિશે માહિતી એકત્રિત કરી શકે છે. અગાઉ, પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુરમાં NIA દ્વારા અટકાયત કરાયેલા હરિયાણાની અલ-ફલાહ યુનિવર્સિટીના એમ્બીબીએસ વિદ્યાર્થી જાનિસુર આલમ ઉર્ફે નિસાર આલમને શનિવારે સાંજે પૂછપરછ બાદ છોડી દેવામાં આવ્યો હતો. તે લુધિયાણામાં રહે છે અને તેની માતા અને બહેન સાથે લગ્નમાં હાજરી આપવા માટે તેના પૈતૃક ગામ આવ્યો હતો. ઉત્તર પ્રદેશમાં સુરક્ષા એજન્સીઓ પણ આ મોડ્યુલને લઈને સતર્ક છે. રાજ્યમાં લગભગ ૨૦૦ કાશ્મીરી મૂળના મેડિકલ વિદ્યાર્થીઓ અને ડોક્ટરો તપાસ હેઠળ આવ્યા છે. આતંકવાદ વિરોધી ટુકડી (ATS) ઉત્તર પ્રદેશની વિવિધ મેડિકલ કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે સંપર્કમાં છે જ્યાં કાશ્મીરી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કાનપુર, લખનઉ, મેરઠ અને સહારનપુર સહિત અનેક શહેરો અને સંસ્થાઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે. જૈશ મોડ્યુલ સાથેના સંભવિત જોડાણોની તપાસ કરવા માટે એજન્સીઓ આ બધા સ્થળોને ઉચ્ચ-તપાસના મોડ પર મૂકી રહી છે.

## છત્તીસગઢમાં સુરક્ષાદળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુકમા

છત્તીસગઢના સુકમા જિલ્લામાં રવિવારે સવારે સુરક્ષા દળો અને માઓવાદીઓ (નક્સલીઓ) વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. ભેજ્જી-ચિંતાગુફા સરહદ પર આવેલા તુમાલપાડ જંગલમાં થયેલી આ અથડામણમાં ૧૫ લાખ રૂપિયાના ત્રણ ઈનામી નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા છે. માર્યા ગયેલા નક્સલીઓમાં કુખ્યાત જનમિલિશિયા કમાન્ડર અને સ્નાઈપર સ્પેશિયાલિસ્ટ માડવી દેવાનો પણ સમાવેશ થાય છે.

સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણના જણાવ્યા અનુસાર, જંગલમાં મોટા નક્સલી નેતાઓની હાજરીની ચોક્કસ બાતમી મળ્યા બાદ ડીઆરજી (DRG)ની ટીમને સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન, રવિવારે સવારથી જ સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે છૂટીછવાઈ ગોળીબારી શરૂ થઈ ગઈ હતી. લાંબા સમય સુધી ચાલેલી અથડામણ બાદ, જ્યારે સુરક્ષા દળોએ વિસ્તારમાં સર્ચિંગ હાથ ધર્યું, ત્યારે ત્રણ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા હતા.

ઘટનાસ્થળેથી એક .૩૦૩ રાઈફલ, બીજીએલ (બેરલ ગ્રેનેડ લોન્ચર્સ) અને મોટી માત્રામાં ગોળા-બારૂદ પણ જપ્ત કરવામાં આવ્યો છે. માર્યા ગયેલા ત્રણેય નક્સલીઓની ઓળખ માડવી દેવા, પોડિયમ ગંગી અને સોડી ગંગી તરીકે થઈ છે. આ ત્રણેય પર પાંચ-પાંચ લાખ રૂપિયાનું ઈનામ હતું.

માડવી દેવા: તે જનમિલિશિયા કમાન્ડર, સ્નાઈપર સ્પેશિયાલિસ્ટ અને એરિયા કમિટીનો સભ્ય હતો. તે નિર્દોષ ગ્રામીણોની હત્યા અને સ્નાઈપર હુમલાઓનો મુખ્ય આરોપી હતો. મહત્વની વાત એ છે કે, ૯ જૂનના રોજ થયેલા IED બ્લાસ્ટમાં શહીદ થયેલા ASP આકાશ રાવની ઘટનાનો તે માસ્ટરમાઈન્ડ હતો.

IGP બસ્તર રેન્જના આઈજીપી સુંદરરાજ પટ્ટલિંગમે જણાવ્યું કે બસ્તરમાં નક્સલવાદ હવે તેના અંતિમ તબક્કામાં છે. છેલ્લા બે વર્ષમાં ૪૫૦ જેટલા નક્સલીઓ માર્યા ગયા છે, જે સંગઠનની નબળાઈ દર્શાવે છે. તેમણે કહ્યું કે હવે નક્સલી કેડરો પાસે હિંસા છોડીને પુનર્વસન નીતિ અપનાવવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. હાલમાં આ વિસ્તારમાં ડીઆરજી, બસ્તર ફાઈટર્સ અને સીઆરપીએફ દ્વારા વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

### દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIAને મોટી સફળતા

## આતંકી ઉમરના મિત્ર આમિર રાશિદની ધરપકડ કરાઈ, તેણે કરી હતી મદદ

### NIA તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલામાં વપરાયેલી Hyundai i20 કાર આમિર રાશિદ અલીના નામે નોંધાયેલી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં લાલ કિલ્લા બોમ્બ વિસ્ફોટની તપાસ કરી રહેલી NIA એ એક મોટી સફળતા મેળવી છે. NIA એ આ કેસમાં પહેલી ધરપકડ કરી છે. NIA એ રાષ્ટ્રીય રાજધાનીથી આમિર રાશિદ અલીની ધરપકડ કરી છે. એવું જાણવા મળ્યું છે કે વિસ્ફોટમાં વપરાયેલી i20 કાર આમિરના નામે નોંધાયેલી હતી. દિલ્હી પોલીસ પાસેથી કેસ સંભાળ્યા પછી, NIA એ મોટા પાયે તપાસ અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે, જેના કારણે આ સફળતા મળી હતી. NIAના જણાવ્યા અનુસાર, આમિર રાશિદ જમ્મુ અને કાશ્મીરના પમ્પોરનો રહેવાસી છે. આમિર રાશિદ અલીએ હુમલાખોર ડૉ. ઉમર સાથે કાવતરું ઘડ્યું હતું. NIAએ દિલ્હીથી રાશિદની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસ પાસેથી કેસ સંભાળ્યા પછી, NIAએ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. NIA તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલામાં વપરાયેલી Hyundai i20 કાર આમિર રાશિદ અલીના નામે નોંધાયેલી હતી. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે આમિર રાશિદ અલી કથિત રીતે i20 કાર ખરીદવામાં મદદ કરવા માટે દિલ્હી આવ્યો હતો. NIAની ફોરેન્સિક તપાસમાં કાર વિસ્ફોટમાં મૃત્યુ પામેલા ડ્રાઈવરની ઓળખ પુલવામા જિલ્લાના રહેવાસી ઉમર ઉન નબી તરીકે થઈ છે. ડૉ. ઉમર નબી ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં સહાયક પ્રોફેસર તરીકે કામ કરતો હતો. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે દિલ્હી વિસ્ફોટ માટે જવાબદાર વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલ છેલ્લા એક વર્ષથી આત્મઘાતી બોમ્બરની શોધમાં હતો. આ મોડ્યુલનો માસ્ટરમાઈન્ડ ડૉ. ઉમર નબી હતો, જે દિલ્હી વિસ્ફોટમાં માર્યો ગયો હતો. તે મોડ્યુલ માટે આત્મઘાતી બોમ્બરની શોધમાં હતો. અધિકારીઓનું કહેવું છે કે પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ઉમર કટ્ટરપંથી હતો અને તેણે આ કાર્યવાહીને અંજામ આપવા માટે આત્મઘાતી બોમ્બરનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખ્યો હતો. શ્રીનગર પોલીસે દક્ષિણ કાશ્મીરના કાઝીગુંડથી જસીર ઉર્ફે દાનિશની અટકાયત કરી હતી, જેણે આ બાબતોનો ખુલાસો કર્યો હતો.

### બહેન રોહિણીને પણ મોટી ઓફર

## તેજ પ્રતાપની પાર્ટી JJDએ NDAને આપ્યું સમર્થન

### JJDનો એક પણ ઉમેદવાર બિહાર ચૂંટણીમાં જીત્યો ન હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ની શરમજનક હાર થયા બાદ પાર્ટીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવની એક પછી એક મુશ્કેલીઓ વધતી જ જઈ રહી છે.

પહેલા યાદ પરિવારમાંથી તેજ પ્રતાપને હાંકી કઢાયા હતા, હવે લાલુની પુત્રી રોહિણીએ પણ પરિવાર સાથે સંબંધો તોડી નાખ્યા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે બહેનના અપમાન અને ઘરમાંથી હાંકી કાઢવા મામલે તેજ પ્રતાપ યાદવે મોટી જાહેરાત કરી છે.

બિહારના રાજકારણમાં તેજ પ્રતાપ યાદવની નવી પાર્ટી જનશક્તિ જનતા દળની બેઠક યોજાઈ હતી, જેમાં NDA સરકારને સમર્થન આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે JJDની રાષ્ટ્રીય પ્રવક્તા પ્રેમ યાદવે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું છે કે, ‘તેજ પ્રતાપ યાદવે બેઠકમાં પ્રસ્તાવ રાખ્યો છે કે, રોહિણીને જેજેડીના રાષ્ટ્રીય સંરક્ષક બનાવવામાં આવશે. આ પદ માટે ટૂંક સમયમાં રોહિણી આચાર્યને વિનંતી કરવામાં આવશે.’

તેજ પ્રતાપે યાદવ પરિવાર સાથે રાજકીય અને પારિવારિક વિવાદને પહેલેથી જ જાહેર કરી દીધા છે. ત્યારબાદ તેમણે પોતાની નવી પાર્ટી પણ બનાવી દીધી છે અને અવારનવાર યાદવ પરિવાર પર નિશાન સાધી રહ્યા છે. તેજ પ્રતાપે ચૂંટણી ટાણે કહ્યું હતું કે, ‘જનશક્તિ જનતા દળ જ અસલી લાલૂ યાદવ પાર્ટી છે.’

બિહાર વિધાનસભા ચૂંટણી-૨૦૨૫માં તેજ પ્રતાપની પાર્ટીએ રાજ્યભરમા ૨૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા અને પોતે પણ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા. તેજ પ્રતાપ આરજેડીનો ગઢ કહેવાતી મહુઆ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. ચૂંટણી ટાણે તેમણે કહ્યું હતું કે, અમારી પાર્ટી ૧૦થી ૧૫ બેઠકો જીતી જશે, જોકે પરિણામ સામે આવ્યા બાદ JJDનો એક પણ ઉમેદવાર જીત્યો ન હતો.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયમાં લાલુ પ્રસાદ યાદવ પરિવારમાં વિખવાદ ચાલી રહ્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા તેજ પ્રતાપને યાદવ પરિવાર અને આરજેડીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. હવે વિધાનસભાનું પરિણામ આવ્યા બાદ લાલુ યાદવની પુત્રી રોહિણીએ પરિવારની મુશ્કેલી વધારી છે. રોહિણીએ તાજેતરમાં જ યાદવ પરિવારથી સંબંધો તોડવાની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, લાલુની પુત્રી રોહિણી આચાર્યએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જાહેરાત કરી કે, ‘હું રાજકારણ છોડી રહી છું અને પરિવાર સાથેના સંબંધ તોડી રહી છું. મને સંજય યાદવ અને રમીઝે આવું કરવાનું કહ્યું છે. હું તમામ દોષ પોતાના શિરે લેવા તૈયાર છું.’




### ભાજપ નેતા મુરલી મનોહર જોશીનો મોટો દાવો

## એક સમયે ચીન પર તિબેટનું હતું શાસન

### તિબેટિયન લોકોએ ઘણી મુશ્કેલીનો સામનો કર્યો: મુરલી મનોહર જોશી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ ‘૧૪માં દલાઈ લામા તેનઝિન ગ્યાત્સોના જીવનચરિત્ર’ પર લખાયેલા હિન્દી પુસ્તક અનશ્વરના વિમોચન કાર્યક્રમમાં ચોંકાવનારનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, એક સમયે ચીન પર તિબેટનું શાસન હતું. તિબેટ ફરી ઊભું થશે અને પોતાની જમીન પર ફરી હક જમાવશે. ૧૪માં દલાઈ લામાના અહિંસાના શિક્ષણ દ્વારા જ તિબેટનો ફરી ઉદય થશે. તેમણે વિદેશમાં રહેતા તિબેટિયન બૌદ્ધોની ભાવનાઓ અને સંઘર્ષની ખૂબ પ્રશંસા કરી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી જોશીએ કહ્યું કે, ‘હું તિબેટિયન બૌદ્ધો અને તિબેટિયન લોકોને નમન કરું છું, કારણ કે તેમણે પોતાના ગુરુ, તેમના આદર્શો અને તેમના નિર્દેશો માટે ઘણું સહન કર્યું અને સ્વિકાર્યું. તેમ છતાં તેઓ ક્યારેય પોતાના સિદ્ધાંતોમાંથી ડગ્યા નથી. ભારતમાં આવીને રહેનારા તિબેટિયન લોકોએ ઘણી મુશ્કેલીનો સામનો કર્યો છે. તેમના સમક્ષ ઘણી બધી ગંભીર પરિસ્થિતિ આવી, જો કોઈ અન્ય સમુદાય હોત તો તેઓ કદાચ બળવો કરતા અથવા જીવતા રહેવા માટે પોતાના મૂલ્યોને સંપૂર્ણ બદલી નાખતા.’

તેમણે વધુમાં કહ્યું કે, ‘બૌદ્ધ ધર્મગુરુએ તમામને અહિંસા અને સદભાવનાનો સિદ્ધાંત શિખવાડ્યો છે. તિબેટ ફરી ઊભું થશે અને પોતાની જમીન પર ફરી હક જમાવશે. હું જાણું છું કે, તે દિવસ આવશે.’ જોશીએ દાવો કર્યો છે કે, ‘બહુ ઓછા લોકો જાણે છે કે, તિબેટે જ બૌદ્ધ ધર્મનો ચીન સાથે પરિચય કરાવ્યો હતો. બૌદ્ધ ધર્મ ભારત બાદ ચીન પહોંચ્યો હતો, પરંતુ પહેલા તિબેટિયનોએ જ ચીનમાં બૌદ્ધ ધર્મ પહોંચાડ્યો હતો.’

મુરલી મનોહર જોશીએ દાવો કર્યો છે કે, ‘એક સમય હતો, જ્યારે ચીન પોતે તિબેટની અંદર આવતું હતું. તિબેટિયન વહિવટ હેઠળ જ ચીનનો વિસ્તાર આવતો હતો. સંભવ છે કે, એક દિવસ તિબેટ ચીન પર શાસન કરશે. તેઓ (તિબેટ) તેમને (ચીન) બતાવશે કે, આવી ભૂલ ક્યારેય ન કરવી જોઈએ અને ફરી આવી ભૂલ નહીં કરે.’

## કેરળમાં ફાંસો ખાધેલી હાલતમાં RSS કાર્યકરનો મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરુવનંતપુરમ

કેરળના તિરુવનંતપુરમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના એક કાર્યકરનો મૃતદેહ મળી આવતા હડકંપ મચી ગયો છે. તેની ઓળખ આનંદ કે. થંપી તરીકે થઈ છે. તેણે આત્મહત્યા કરી હોવાની માહિતી પોલીસે આપી છે. પોલીસે કહ્યું કે અમે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છીએ. આનંદ કેરળની રાજધાની તિરુવનંતપુરમના ત્રિક્કણપુરમનો રહેવાશી હતો. તેનો મૃતદેહ ગત સાંજે ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં લટકતો મળી આવ્યો હતો. આ સમાચાર ફેલાતા જ સમગ્ર વિસ્તારમાં સન્નાટો પ્રસરી ગયો હતો. કેરળ પોલીસ કહે છે કે કેરળમાં ટૂંક સમયમાં જ સ્થાનિક એકમની ચૂંટણી યોજાવા જઈ રહી છે. એવામાં આનંદને ત્રિક્કણપુરમથી ટિકિટ જોઈતી હતી.

## તંત્રી લેખ......

### મહાગઠબંધન માટે એક મોટી કટોકટીની ક્ષણ

જ્યારે ગત બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધન સત્તાની દોડમાં એનડીએ કરતા એક ટકાથી ઓછા મત અને ૧૫ બેઠકોથી પાછળ રહી ગયું, ત્યારે હારનો દોષ કોંગ્રેસ પર મૂકવામાં આવ્યો. તેણે લડેલી ૭૦ બેઠકોમાંથી કોંગ્રેસે માત્ર ૧૯ બેઠકો જીતી હતી. ડાબેરી પક્ષોએ વધુ સારું પ્રદર્શન કર્યું. આ વખતે, કોંગ્રેસ વધુ નબળી કડી સાબિત થઈ. રાજદ અને કોંગ્રેસ વચ્ચે ઔપચારિક બેઠક વહેંચણી વ્યવસ્થા અંત સુધી નિષ્ફળ ગઈ. પરિણામે, દસથી વધુ બેઠકો પર મૈત્રીપૂર્ણ સ્પર્ધાઓ થઈ, પરંતુ મહાગઠબંધન અને એનડીએ વચ્ચે મત ટકાવારી અને બેઠકોમાં મોટો તફાવત સૂચવે છે કે ભૂતકાળમાંથી શીખવાને બદલે, વધુ ભૂલો થઈ. ગઠબંધન રાજકારણમાં પક્ષના હિતો વચ્ચે સંતુલન અને સંકલન શોધવાની જરૂર છે. કારણ કે એનડીએ ચેકમેટની અનેક અટકળો છતાં આ હાંસલ કરવામાં સક્ષમ હતું, ચૂંટણી લહેર "પ્રતિ-શાસન" ની જગ્યાએ "પ્રતિ-શાસન" દ્વારા ચિહ્નિત થયેલ હતી. છેલ્લી ચૂંટણીમાં સત્તાની રેસમાં સાંકડી રીતે હાર્યા પછી, મહાગઠબંધન તેના પાયાના કાર્યને બદલે આંતરિક ઝઘડામાં વ્યસ્ત રહ્યું. સુધારેલ સામાજિક ગોઠવણી દ્વારા આને સંબોધિત કરી શકાયું હોત, પરંતુ આ દિશામાં કંઈ નોંધપાત્ર કરવામાં આવ્યું ન હતું. જે રીતે મુકેશ સાહની, જેમણે ફક્ત ૧૫ બેઠકો જીતી હતી, તેમને નાયબ મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા તેનાથી મહાગઠબંધન માટે ચૂંટણીમાં નુકસાન થયું. ૬૧ બેઠકો પર ચૂંટણી લડનારા કોંગ્રેસના નેતાઓ અને સમર્થકો માત્ર નિરાશ થયા જ નહીં, પરંતુ ઘણી બેઠકો પર નિર્ણાયક ભૂમિકા ભજવતા મુસ્લિમો અને દલિતો પણ નિરાશ થયા. ૧૪૩ બેઠકો પર ચૂંટણી લડી રહેલા આરજેડીએ ૫૨ યાદવ ઉમેદવારો, એટલે કે આશરે ૩૬ ટકા, ઉભા રાખ્યા હતા, જે અન્ય ઓબીસી જાતિઓ, ખાસ કરીને ઈબીસીને નકારાત્મક સંદેશ મોકલે છે. મુખ્યત્વે યાદવ-મુસ્લિમ સમર્થન આધાર ધરાવતું આરજેડી અન્ય સમુદાયોને વધુ ટિકિટ આપીને પોતાના અને મહાગઠબંધનના સમર્થન આધારને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરી શક્યું હોત. તેના જોડાણ અને બેઠકોની વહેંચણી દ્વારા, એનડીએ બધા સમુદાયો માટે પ્રતિનિધિત્વનો સંદેશ આપવામાં સફળ રહ્યું, પરંતુ મહાગઠબંધન આમ કરવામાં નિષ્ફળ ગયું. તેજસ્વી યાદવ જંગલ રાજના ભારણને દૂર કરવામાં નિષ્ફળ ગયા, અને તેના પુનરાવર્તનના ભયને વધારીને, એનડીએ ફરી એકવાર જીતી ગયું. એનડીએ પ્લેટફોર્મ પરથી, લાલુ પરિવારને અત્યંત ભ્રષ્ટ પરિવાર તરીકે પણ લેબલ કરવામાં આવ્યું, કારણ કે લગભગ આખો પરિવાર ભ્રષ્ટાચારના કેસોમાં કાનૂની આરોપોનો સામનો કરી રહ્યો છે. જ્યારે ઘણા મુદ્દાઓ ચૂંટણીમાં ભૂમિકા ભજવે છે, કાયદો અને વ્યવસ્થા અને ભ્રષ્ટાચાર એવા મુદ્દાઓ છે જે સીધી રીતે જનતાને અસર કરે છે. તેથી, મતદારો સામાન્ય રીતે આ મુદ્દાઓ પર સમાધાન કરતા નથી. નાયબ મુખ્યમંત્રી રહેલા તેજસ્વી યાદવે મહાગઠબંધન સરકાર દરમિયાન આપવામાં આવેલી નોકરીઓનો શ્રેય લીધો, એમ માનીને કે તેઓ યુવાનોના પ્રિય બનશે, પરંતુ સ્વાભાવિક રીતે, તેઓ મુખ્યમંત્રીને તે શ્રેયથી વંચિત રાખી શક્યા નહીં. કોંગ્રેસ કર્ણાટક, તેલંગાણા અને હિમાચલ પ્રદેશમાં જે "ગેરંટી કાર્ડ" અજમાવી હતી તેના પર ભાર મૂકવા માંગતી હતી, પરંતુ તેજસ્વી "રાગ-નોકરી" વિશે વાત કરતા રહ્યા. રાજ્ય-દર-રાજ્ય મફત યોજનાઓ ચૂંટણી રાજકારણમાં નિર્ણાયક સાબિત થઈ રહી છે. નીતિશ કુમારે ચૂંટણી પહેલા ઘણી લોકપ્રિય જાહેરાતો પણ કરી હતી, જેમાં ૧૨૫ મિલિયનથી વધુ મહિલાઓના બેંક ખાતામાં ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરવાનો સમાવેશ થાય છે તેજસ્વીએ પણ લોકપ્રિય વચનો આપ્યા હતા, પરંતુ નીતિશ, તેમના સારા ટ્રેક રેકોર્ડ સાથે, જીત્યા હતા. લોકોએ "સંભવિત" સરકારને બદલે વર્તમાન સરકાર પર વિશ્વાસ કરવાનું પસંદ કર્યું.

---

#### ૬૫૦થી વધુ સાઈક્લિસ્ટોએ લીધો ભાગ

# સાયકલિંગ થકી સ્વદેશીનો સંકલ્પ અને રાષ્ટ્રની એકતા માટે અનોખી પહેલ

**એકતા નગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાઈકલોથોનનો બે દિવસીય રાષ્ટ્રીય સ્તરની સાયકલિંગ ઈવેન્ટનો પ્રારંભ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

નર્મદા જિલ્લાના એકતા નગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં 'ધ યુનિટી ટ્રેઈલ – સાયકલ ઓન સન્ડે' બે દિવસીય રાષ્ટ્રીય સ્તરની સાયકલિંગ ઈવેન્ટ તા. ૧૬ અને ૧૭મી નવેમ્બર-૨૦૨૫ દરમિયાન ભવ્ય રીતે યોજવામાં આવી રહી છે. જેના પ્રથમ દિવસે રવિવારે ગુજરાત સરકારના પ્રવાસન, રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી ડો. જયરામ ગામીતે લીલી ઝંડી આપીને સાઈકલોથોનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પાંચ કિમીની સાઈકલોથોનમાં સમગ્ર ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૬૫૦થી વધુ સાઈક્લિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મંત્રી, ધારાસભ્ય તેમજ અધિકારીએ પણ સાયકલ ચલાવી યુવાનોને ઉત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યમંત્રી ડો. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિરાટ પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાનિધ્યમાં આયોજિત સાઈકલોથોન 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના મંત્રને સાચા અર્થમાં પ્રોત્સાહતિ કરે છે. સ્વદેશી ઉત્પાદન, સ્વસ્થ જીવનશૈલી અને પર્યાવરણપ્રેમી પરિવહનના સંદેશને પ્રસરાવવાનો આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોને રાષ્ટ્રની એકતા, સ્વદેશી અને સ્વાવલંબનની ભાવનાને આગળ ધપાવવા અને વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકરા કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા મંત્રીએ અનુરોધ કર્યો હતો. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો. નર્મદા જિલ્લાના સુંદર પ્રાકૃતિક નજારા અને એકતા નગરના વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની વચ્ચે યોજાયેલી આ સાઈકલોથોન દેશભરના સાયકલિસ્ટો માટે વિશેષ આકર્ષણ બની રહી છે. સાયકલિંગ દ્વારા ફિટનેસ, સ્વચ્છતા, પર્યાવરણ સુરક્ષા અને રાષ્ટ્રીય એકતા જેવા મૂલ્યોને મજબૂત બનાવવાના સંકલ્પ સૌએ વ્યકત કર્યો હતો. આ સાઈકલોથોન યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત સાબિત થઈ હતી. આ કાર્યક્રમમાં નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ, ફિલ્મ જગતના અગ્રણી બોની કપૂર, સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી મનિંદર પાલ, ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ ડો. રાજેન્દ્ર કુમાર, ગુજરાત પ્રવાસન વિભાગના એમડી પ્રભવ જોશી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન મુકેશ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરા, દેશભરના સાઈક્લિસ્ટો, મોટી સંખ્યામાં નાગરિકો સાઈક્લિસ્ટોને શુભેચ્છા પાઠવવા અને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતાં.

---

#### પતિના અન્ય મહિલાઓ સાથે આડાસંબંધોનો આરોપ

# જૂનાગઢમાં પોલીસ કોન્સ્ટેબલની પત્નીએ આપઘાત કરતા ચકચાર

**કોન્સ્ટેબલના ત્રાસથી પત્નીએ આપઘાત કર્યો હોવા મામલે પરિણીતાના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જૂનાગઢના મેંદરડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલના ત્રાસથી પત્નીએ આપઘાત કર્યો હોવા મામલે પરિણીતાના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મૃતક પરિણીતાના પિતાની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી પોલીસકર્મીને અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મેંદરડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ આશિષ દયાતરની પત્ની ભાવિશાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હતું. સમગ્ર ઘટના મામલે મૃતક પરિણીતાના પિતાએ પોલીસકર્મી જમાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મૃતક પરિણીતાના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા જમાઈ પર ગંભીર આરોપ લગાવ્યા હતા કે, જમાઈ અન્ય સ્ત્રી સાથે અવૈધ સંબંધો રાખવાની સાથે મારી દીકરીને શારીરિક અને માનસિક ત્રાસ આપીને મરવા માટે મજબૂર કરી હતી. પોલીસ ફરિયાદ મુજબ, પોલીસકર્મી પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાથી પતિ-પત્ની વચ્ચે તણાવ રહેતો હતો. પતિનો ત્રાસ સહન કરી ન શકતા પત્નીએ મોતને વ્હાલું કર્યુ હોવાનો મૃતક પરિણીતાના પિતાએ આરોપ લગાવ્યા છે. સમગ્ર મામલે પોલીસે પોલીસકર્મીની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

#### ગત નાણાકીય વર્ષમાં ભંડોળમાં ૫૫ ટકાનો ઘટાડો

# માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં ૪૫૦ લાખ ખાતાઓનો ઘટાડો

**માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ માટે ચિંતા અને તણાવનો વિષય છે અને આ ક્ષેત્રે આ મુદ્દા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં ગયા વર્ષ દરમિયાન લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો અને બાકી રકમમાં ઘટાડો માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ માટે ચિંતા અને તણાવનો વિષય છે અને આ ક્ષેત્રે આ મુદ્દા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. જરૂરિયાતમંદ લોકો ઊંચા વ્યાજ દરે ઉધાર લઈ શકે છે પરંતુ ચૂકવણી કરી શકતા નથી તેમ નાણાકીય સેવાઓ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ દરો ઊંચા છે. ઊંચા વ્યાજ દર વાસ્તવમાં માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓના સંગઠનમાં બિનકાર્યક્ષમતાને કારણે છે. વ્યાજ દરને વાજબી સ્તરે રાખવા એ નાણાકીય સમાવેશ માટે મહત્વપૂર્ણ છે. સપ્ટેમ્બર સુધીમાં લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો થયો છે.

લોન ખાતાઓમાં કુલ બાકી રકમ માર્ચ ૨૦૨૪ માં રૂા. ૪.૪ લાખ કરોડથી ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૫ માં ?૩.૪ લાખ કરોડ થઈ ગઈ છે. માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર આર્થિક અને સમાવેશી વિકાસનો સૌથી મહત્વપૂર્ણ સ્તંભ બની ગયું છે અને દેશમાં નાણાકીય સમાવેશ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

મોટી સંખ્યામાં ચાલુ સરકારી યોજનાઓ હોવા છતાં, હજુ પણ ઘણા યુવાનોને ભંડોળ પૂરું પાડવાની જરૂર છે. સરકાર નાણાકીય સમાવેશ અને મહિલા સશક્તિકરણ માટે માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓને ટેકો આપવાનું ચાલુ રાખશે, પરંતુ માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં હજુ પણ જુસ્સો અને પ્રતિબદ્ધતાનો અભાવ છે. આ ક્ષેત્રે યુવા પેઢીને આકર્ષવાની જરૂર છે.

માઈક્રોફાઈનાન્સ સામાન્ય રીતે બેંકો, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા અને નેશનલ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ બેંક પાસેથી ભંડોળ મેળવે છે. તેઓ બોન્ડ દ્વારા પણ ભંડોળ એકત્ર કરે છે. માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ ભંડોળ અડધાથી વધુ ઘટીને ?રૂ. ૫૮,૧૦૯ કરોડ થયું હતું, જે વાર્ષિક ધોરણે ૫૫.૪૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. કેરએજ ના અહેવાલમાં જણાવાયું છે કે માર્ચ ૨૦૨૬ ના રોજ પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૪ ટકા રહેવાની ધારણા છે.

---

#### દર્શન જતા શ્રદ્ધાળુઓને કાળ ભરખી ગયો

# રાજસ્થાનમાં ભયાનક અકસ્માતમાં ૬ ગુજરાતીઓના મોત નિપજ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

રવિવારે સવારે બાલેસર-જોધપુર-જૈસલમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૨૫ પર એક ભયાનક માર્ગ અકસ્માતમાં છ શ્રદ્ધાળુઓના મોત થયા છે અને ૧૪ ઘાયલ થયા છે. તમામ શ્રદ્ધાળુઓ સાબરકાંઠાથી રાજસ્થાના પ્રખ્યાત રામદેવરા બાબા મંદિરના દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. બાલેસર શહેર નજીક ખારી બેરી ગામ પાસે આ અકસ્માત થયો હતો, જ્યારે બાજરીની બોરીઓથી ભરેલો ટ્રક ભક્તોથી ભરેલા ટેમ્પો સાથે સામસામે અથડાઈ ગયો. ટ્રક રસ્તા પર પલટી ગઈ. અકસ્માત એટલો ગંભીર હતો કે ટેમ્પોમાં સવાર ત્રણ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મહિલાઓ અને બાળકો સહિત લગભગ એક ડઝન લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પસાર થતા વાહનચાલકોએ બાલેસર પોલીસ સ્ટેશન અને એમ્બ્યુલન્સ સેવાઓને જાણ કરી હતી. બાલેસર, અગોલાઈ અને હાઈવેથી ત્રણ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક સારવાર આપ્યા બાદ, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ત્રણ એમ્બ્યુલન્સ દ્વારા જોધપુરની MDM હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની માહિતી મળતાં, બાલેસર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મૂળસિંહ ભાટી ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું. પોલીસે ટ્રક અને ટેમ્પો બંનેને કબજે કર્યા છે અને અકસ્માતના કારણની તપાસ શરૂ કરી છે. મૃતકોના મૃતદેહને બાલેસર CHC શબઘરમાં મૂકવામાં આવ્યા છે, અને ઓળખ પ્રક્રિયા ચાલુ છે. NHAI હાઈવે એમ્બ્યુલન્સ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી અને પલટી ગયેલી ટ્રક અને ક્ષતિગ્રસ્ત ટેમ્પોને દૂર કરીને હાઈવે પુનઃસ્થાપિત કર્યો. પોલીસનું કહેવું છે કે અકસ્માત સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ થયો હતો, અને પ્રાથમિક તપાસ સૂચવે છે કે ખોટી દિશામાં મુસાફરી કરતી વખતે ટ્રકે કાબુ ગુમાવ્યો હતો, જેના કારણે ટક્કર થઈ હતી.

---

# આઈપીએલની ૭ ટીમોના કેપ્ટન ફિક્સ, બે પર હજુપણ સસ્પેન્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026 પહેલા ખેલાડીઓને રીટેન્શન કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આન્દ્રે રસેલ, વેંકટેશ ઐયર, મથીષા પથિરાણા, આકાશ દીપ અને રવિ બિશ્નોઈ જેવા સ્ટાર ખેલાડીઓને તેમની ટીમો દ્વારા રીલીઝ કરવામાં આવ્યા છે. જેમની ૧૬ ડિસેમ્બરે મીની ઓક્શનમાં બોલી લાગશે. રીટેન્શનની સાથે કેટલીક ટીમોએ કેપ્ટનોની પણ પુષ્ટિ કરી છે.

રીટેન્શન પછી ૧૦માંથી ૯ ટીમોના કેપ્ટનના નામ જાહેર કરવામાં આવ્યા છે. હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કરશે. ગયા વર્ષે તેણે ટીમને પ્લેઓફમાં પહોંચાડી હતી. શુભમન ગિલ ગુજરાત ટાઈટન્સનું નેતૃત્વ કરશે. તો રુતુરાજ ગાયકવાડ ચેન્નાઈ સુપર કિંગ્સનું નેતૃત્વ કરશે અને રિષભ પંત લખનૌ સુપર જાયન્ટ્સનું નેતૃત્વ કરશે. આ ઉપરાંત પંજાબ કિંગ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, લખનૌ સુપર જાયન્ટ્સ, દિલ્હી કેપિટલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન જાહેર કરવામાં આવ્યા છે.

ગયા વર્ષે કોલકાતાનું નેતૃત્વ અજિંક્ય રહાણેએ સંભાળ્યું હતું. તે કેપ્ટન છે, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ફ્રેન્ચાઈઝી અન્ય નામો પર વિચાર કરી રહી છે. દિલ્હી કેપિટલ્સ પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહી છે. રાહુલ ત્યાં મુખ્ય સ્થાને રહે છે, પરંતુ હાલમાં, અક્ષર પટેલ કેપ્ટન છે. મીડિયા અહેવાલોમાં એવું પણ સામે આવ્યું છે કે રાહુલને દિલ્હીની કેપ્ટનશીપ ઓફર કરવામાં આવી શકે છે. તેણે ગયા વર્ષે ઈનકાર કર્યો હતો, પરંતુ આ વખતે તે તૈયાર છે. રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન સંજુ સેમસન ટ્રેડ દ્વારા ચેન્નાઈ સુપર કિંગ્સમાં જોડાયો છે. ફ્રેન્ચાઈઝીએ બદલામાં રવિન્દ્ર જાડેજા અને સેમ કરનને મેળવ્યા છે. સેમસનનું સ્થાન કોણ લેશે તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે. ફ્રેન્ચાઈઝીમાં યશસ્વી જયસ્વાલ અને રિયાન પરાગને ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે સેમસન અનફિટ હતો ત્યારે પરાગે કેપ્ટનશીપ કરી હતી. એવા પણ અહેવાલો છે કે જાડેજાએ કેપ્ટન બનવાની શરતે જ રાજસ્થાન સાથે જોડાવાનો નિર્ણય લીધો છે. હવે, ફ્રેન્ચાઈઝ કોને કેપ્ટન તરીકે નિયુક્ત કરે છે તે જોવાનું બાકી છે.

**IPL 2026 માટે બધી ટીમના કેપ્ટન**

ચેન્નઈ સુપર કિંગ્સઃ રુતુરાજ ગાયકવાડ

મુંબઈ ઈન્ડિયન્સઃ હાર્દિક પંડ્યા

ગુજરાત ટાઈટન્સઃ શુભમન ગિલ

પંજાબ કિંગ્સઃ શ્રેયસ ઐયર

સનરાઈઝર્સ હૈદરાબાદઃ પેટ કમિન્સ

લખનૌ સુપર જાયન્ટ્સઃ રિષભ પંત

દિલ્હી કેપિટલ્સઃ અક્ષર પટેલ

કોલકાતા નાઈટ રાઈડર્સઃ અજિંક્ય રહાણે

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરઃ રજત પાટીદાર

રાજસ્થાન રોયલ્સઃ -

---

#### જન રક્ષક PCR વેનમાંથી કફ સિરપની ૬ બોટલ મળી

# અમદાવાદઃ પોલીસની કારે અન્ય કારને ટક્કર મારી

**આ મામલે એ ડિવિઝન ટ્રાફિક પોલીસે PCR વાન ડ્રાઈવરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ રોડ પર આવેલા સાયોના તિલક નજીક શનિવારે (૧૫મી નવેમ્બર) રાત્રે પૂરપાટ ઝડપે આવેલી રહેલી પોલીસની ૧૧૨ PCR વાને પાર્ક કરેલા વાહનોને ધડાકાભેર ટક્કર મારી હોવાની વીડિયો વાઈરલ થયો છે. અકસ્માતના બનાવમાં ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસ કારચાલક નશામાં હોવાનો આક્ષેપ કર્યો હતો. સમગ્ર મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. જ્યારે પોલીસ વાનમાં તપાસ કરતાં ગાડીમાંથી છ કફ સિરપ બોટલ મળી આવી હતી. આ મામલે એ ડિવિઝન ટ્રાફિક પોલીસે PCR વાન ડ્રાઈવરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અમદાવાદના ગોતા વિસ્તારમાં વંદે માતરમ રોડ પર પાર્ક કરેલા વાહનો સાથે પોલીસની ૧૧૨ જન રક્ષક PCR કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ પર પાર્ક કરેલા વાહનોને નુકસાન પહોંચ્યું હતું. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે સમગ્ર મામલે કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, અકસ્માતને અંજામ આપનારી PCR વાન સાબરમતી પોલીસ સ્ટેશનની છે. જેના ડ્રાઈવરની ઓળખ યશ પરમાર તરીકે થઈ છે. ઘટના બાદ પોલીસે ડ્રાઈવરને તરત જ કસ્ટડીમાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટના અંગે એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, 'અમે ડ્રાઈવરની ધરપકડ કરી છે અને PCR વાન વાહનો સાથે કેવી રીતે અથડાઈ તે અંગે વિગતવાર તપાસ શરૂ કરી દીધી છે. કફ સિરપની જપ્તી સહિત તમામ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. ઘટના સમયે વાનમાં અન્ય કોઈ કર્મચારી હાજર હતા કે કેમ અને ખાતાકીય કાર્યવાહી જરૂરી છે કે કેમ તે નક્કી કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.'

---

# DyCM બન્યા બાદ પહેલીવાર ખોડલધામ પહોંચ્યા હર્ષ સંઘવી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી બન્યા બાદ હર્ષ સંઘવી આજે પહેલીવાર ખોડલધામ (કાગવડ) ખાતે પહોંચ્યા હતા. નાયબ મુખ્યમંત્રી બન્યા બાદ તેમની આ પ્રથમ વખત મા ખોડલના દર્શનની મુલાકાત હતી. તેથી અહીં તેમનું ગાર્ડ ઓફ ઓનર અને રાષ્ટ્રગાન સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દરમિયાન હર્ષ સંઘવીએ મા ખોડલના દર્શન કર્યા હતા અને બાદમાં રાજ્યના ખેડૂતો માટે વિશેષ પ્રાર્થના કરી હતી. ખોડલધામ (કાગવડ) ખાતે પહોંચેલા હર્ષ સંઘવીએ મા ખોડલના ચરણોમાં શીશ નમાવી કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને માતાજી હિંમત અને શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે ખોડલધામને 'રાષ્ટ્ર શક્તિ' અને 'ધર્મ શક્તિ'નું અનોખું સંગમ ગણાવ્યું હતું. કારણ કે અહીં ખોડલધામ મંદિરના શિખર પર ભારતનો રાષ્ટ્ર ધ્વજ તિરંગો ફરકી રહ્યો છે. આ મુલાકાત દરમિયાન હર્ષ સંઘવીએ ખોડલધામ ચેરમેન નરેશ પટેલ તથા ટ્રસ્ટી મંડળ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવેલી 'વૈદિક લગ્ન'ની પહેલને તેમણે બિરદાવી હતી. તેમણે કહ્યું કે, આ પહેલથી સામાન્ય પરિવારો દેખા-દેખીના બિનજરૂરી ખર્ચથી બચી શકશે અને લગ્ન જેવા પવિત્ર કાર્યને સરળ અને વૈદિક રીતે યોજી શકશે. ઉપરાંત ધાર્મિક સ્થળ પરથી કોઈપણ રાજકીય કે સરકારી ટિપ્પણી કરવાનો હર્ષ સંઘવીએ સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ખોડલધામના ટ્રસ્ટીઓએ નાયબ મુખ્યમંત્રીના આગમનને ધામ માટે ગૌરવની વાત ગણાવી હતી. આ મુલાકાતથી ખેડૂતો અને ભાવિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે મુલાકાત દરમિયાન SP, DYSP સહિત પોલીસ અધિકારીઓએ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો, જેના કારણે કાર્યક્રમ સુરક્ષિત અને વ્યવસ્થિત રીતે પૂર્ણ થયો છે.

---

#### ૧૫૫ કિલો લીલા છોડ સાથે એકની ધરપકડ

# અમરેલીઃ કપાસની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

**બાતમીના આધારે SOGની ટીમે ઘટના સ્થળે રેડ કરી હતી, કપાસના પાકની વચ્ચે છૂપાવેલા ગાંજાના લીલા છોડ મળ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં ગુજરાત પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ગેરકાયદે નશીલા પદાર્થોની હેરાફેરી અને વાવેતર મામલે સૌથી મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. SOGની ટીમે ચોક્કસ બાતમીના આધારે અમરેલીના ગ્રામ્ય વિસ્તારમાં કપાસના પાકની આડમાં કરાયેલું કરોડો રૂપિયાની કિંમતનું ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું છે. સમગ્ર મામલે SOGએ ૧૫૫ કિલોગ્રામ ગાંજાના લીલા છોડ સાથે એક આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ, SOGની ટીમને બાતમી મળી હતી કે અમરેલીના કેરાળા ગામથી મતીરાળાની સીમ વિસ્તારમાં આવેલી એક વાડીમાં મોટા પાયે ગાંજાનું ગેરકાયદે વાવેતર કરવામાં આવ્યું છે. બાતમીના આધારે SOGની ટીમે ઘટના સ્થળે રેડ કરી હતી. જેમાં તપાસ દરમિયાન ટીમને ખેતરમાં કપાસના પાકની વચ્ચે છૂપાવેલા ગાંજાના લીલા છોડ મળી આવ્યા હતા.

સમગ્ર ઓપરેશન દરમિયાન SOGએ ૧૫૫ કિલોગ્રામના ૪૮ ગાંજાના લીલા છોડ જપ્ત કર્યા છે, જેની બજાર કિંમત રૂ.૭૭.૯૩ લાખ આંકવામાં આવે છે.

અમરેલી SOGએ ગેરકાયદે ગાંજાનું વાવેતર કરતાં છના હરી પંચાલા (ઉં.વ. ૫૦) નામના આરોપીની ધરપકડ કરી છે અને નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


---

# વડોદરા મનપામાં ૩.૮૧ કરોડના ફાયર સામાનના કૌભાંડનો મોટો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં દિવસે દિવસે વધુને વધુ કૌભાંડ સામે આવે છે. ત્યારે વડોદરા મહાનગરપાલિકામાં સીસોટી કૌભાંડ સામે આવ્યું હતું. જે અંગે તપાસનો ધમધમાટ શરુ છે. ફાયર વિભાગના સીસોટી કૌભાંડમાં ૪ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ડેપ્યુટી કમિશનર અને ખાતા અધિકારીએ તપાસ હાથ ધરી હતી. ફાયર સાધનોની ખરીદી માટે ૫ અધિકારીઓની લીલીઝંડી હતી. ત્યારે હવાલાના સિટી ઈજનેર સહિત ૪ અધિકારીએ લીલીઝંડી આપી હતી. મુખ્ય ઈજનેર રજા પર હોવાથી હવાલાના સિટી ઈજનેરે મંજૂરી આપી હતી. પ્રાપ્તથતી માહિતી અનુસાર ૩.૯૦ કરોડના સાધનોની ખરીદીના અંદાજની મંજૂરી માટે ફાઈલ રજૂ કરવામાં આવી હતી. ફાઈલને લીલીઝંડી આપનારા અધિકારીઓ જવાબદારીમાંથી છટક્યાં છે. પાલિકામાં બજેટ ખૂટે તો એડવાન્સ લઈ ચૂકવણી કરવા ભલામણ થઈ હતી. વિવાદીત ખરીદીના અંદાજની ફાઈલ મંજૂર કરનારા અધિકારીઓની બેદરકારી હતી. RTIમાં પણ હવાલાના સિટી ઈજનેર વિરૂદ્ધ કાર્યવાહી ન થયાનો ઘટસ્ફોટ થયો છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ગુજરાતમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા ૨૧ નવે.થી શરૂ: રોજગારી, ભ્રષ્ટાચાર અને ખેડુતોના મુદ્દે લોકો સાથે સંવાદ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજયમાં ભાજપ શાસન વિરૂધ્ધ જનઆક્રોશ યાત્રાનુ આયોજન કરવાની જાહેરાત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ૩ દાયકામાં ભાજપની સરકારે ગુજરાતના લોકોને અંગ્રેજોનુ શાસન હોય તેમ ગુલામ બનાવવાળુ શાસન આપ્યુ છે, અમિત ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ યાત્રાથી લોકોના અવાજને બુલંદી મળશે. આ યાત્રા ૨૧



નવેમ્બર થી ઉત્તર ગુજરાતના વાવ માં ભીમ ખાતેથી શરૂ થશે. ત્યારે ૩૦ ડીસેમ્બર પહેલા ફેઝ ની યાત્રાનુ સમાપન થશે, પહેલા ફેઝ માં ૪૦ તાલુકા, ૧૨ શહેરી વિસ્તારો, ૭ જિલ્લાને આ યાત્રામાં આવરી લેવામાં આવશે, પહેલા ફેઝ માં ૧૧૦૦ કિ.મી. ની યાત્રા યોજાશે, અમિત ચાવડાએ છેલ્લા ૧૫ દિવસમાં ૫ જેટલા ખેડુતોએ આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કરીને ખાતરની તંગી અને સિંચાઈના મુદ્દે ખેડુતોને થતી હેરાનગતિ ને વાચા આપવાની વાત કરી હતી.

સાથે જ ભરતી પ્રક્રિયાના મુદ્દાઓને પણ આ યાત્રામાં આવરી લેવાશે. કોંગ્રેસ યુવાનોના સંઘર્ષને સમર્થન આપશે, ગૃહિણીઓને ઘર ચલાવવામાં થતી મુશ્કેલી, કથળેલી કાયદો વ્યવસ્થા, અને વધેલા દારૂ જુગારના મુદ્દા પર ધ્યાન કેન્દ્રીત કરીને મહિલાઓને અધિકાર અને સન્માન આપવાનો મુદ્દો ઉઠાવાશે. સરકારી કચેરીઓમાં ફેલાયેલા ભ્રષ્ટાચારના દુષણને નાબુદ કરવા માટે યાત્રામાં વાચા અપાશે, અમિત ચાવડાએ દાવો કર્યો હતો કે આ યાત્રા દ્વારા સડકથી લઈને સંસદ સુધી લડાઈની શરૂઆત થશે જે જનતાનો મંચ બનશે.

# અલ્પેશ ઠાકોરને નાયબ મુખ્યમંત્રી ન બનાવાતા દુ:ખ થયુ, ઋષી ભારતી બાપુના નિવેદનથી રાજકારણમાં ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે ક્ષત્રીય ઠાકોર સમાજના સંમેલનમાં હજારોની મેદની વચ્ચે ઋષી ભારતી બાપુએ મોટુ અને ચર્ચાસ્પદ નિવેદન આપતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. તેમણે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને નાયબ મુખ્યમંત્રી ન બનાવવામાં આવતા પોતાનુ દુ:ખ વ્યકત કર્યુ હતુ અને આ માટે સમાજના જ કેટલાક લોકો પર પ્રહારો કર્યા હતા. ઋષી ભારતી બાપુએ પોતાના નિવેદનમાં જણાવ્યુ હતુ કે અલ્પેશ ઠાકોરને નાયબ મુખ્યમંત્રી બનાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા અને આ અંગે ગાંધીનગરમાં અનેક બેઠકો અને સંમેલનો પણ થયા હતા. તેમણે વધુમાં કહ્યુ હતુ કે અલ્પેશ ઠાકોર નાયબ મુખ્યમંત્રી ન બનતા અમને દુ:ખ થયુ છે, તેમણે ઉમેર્યુ કે મંત્રી મંડળની રચના સમયે સમાજને અલ્પેશ ઠાકોરને નાયબ મુખ્યમંત્રી બનાવવાની અપેક્ષા હતી પરંતુ તે પુરી ન થઈ, ઋષી ભારતી બાપુએ સમાજની આંતરીક સ્થિતિ પર પણ ગંભીર




ટીપ્પણી કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સમાજના જ કેટલાક લોકોએ વાઈટ કોલર ગુલામી કરી, તેમણે સ્પષ્ટપણે કહ્યુ હતુ કે ઠાકોર સમાજ વાઈટ કોલર ગુલામી કરે છે, તેમણે સવાલ ઉઠાવ્યો કે ઠાકોર સમાજમાં સૌથી વધુ મતદારો હોવા છતાં ઠાકોર સમાજને મંત્રી મંડળમાં જોઈએ તેવુ સ્થાન મળ્યુ નથી, આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં ગરમાવો આવ્યો છે અને સમાજમાં આંતરીક ચર્ચા શરૂ થઈ છે.

હજારો ની મેદનીમાં યોજાયેલા આ સંમેલનમાં ઋષી ભારતી બાપુના આ નિવેદને ગુજરાતની રાજનીતીમાં એક નવો જ ભુકંપ સર્જયો છે. ક્ષત્રીય ઠાકોર સમાજના પ્રમુખ અને ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને લઈને જાહેર મંચ પરથી ઋષી ભારતી એ આશ્ચર્યજનક નિવેદન આપ્યુ હતું.

ઋષી ભારતીના નિવેદન પર અલ્પેશ ઠાકોરે જવાબ આપ્યો હતો, અલ્પેશ ઠાકોરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઉપમુખ્યમંત્રીના સવાલ થી કિનારો કરી દીધો હતો અને અસ્પષ્ટ જવાબ આપ્યો હતો, અલ્પેશ ઠાકોરે કહ્યુ કે ઋષી ભારતીએ શું કહ્યુ તે હું જાણતો નથી, સરકારમાં તમામ સમાજને યોગ્ય સ્થાન આપી રહી છે. મહત્વનુ છે કે આ મુદ્દે ગુજરાત સરકારના મંત્રી સ્વરૂપજી ઠાકોર અને કોંગ્રેસ નેતા જગદીશ ઠાકોરે પણ કોઈ જવાબ આપ્યો ન હતો.

# રાજયમાં અનુસુચિત-૫ અમલ નહી થાય તો નેપાળવાળી થશે: ધારાસભ્ય ચૈતર વસાવાની ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના નેત્રંગ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાના સ્થળેથી થોડા જ અંતરે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જાહેર સભા યોજીને સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી દરમિયાન તેણે ગુજરાતમાં બંધારણની અનુસુચી-૫ લાગુ ન કરવા બદલ સરકારને આડે હાથ લીધી હતી અને આદિવાસી વિસ્તારોમાંથી ખનીજોની ચોરી થતી હોવાનો આક્ષેપ કર્યો હતો.



આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવાએ આદિવાસીઓનુ શોષણ થતુ હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો, તેમણે કહ્યુ હતુ કે મુઘલો થી લઈને અંગ્રેજો સુધી અનેક લોકોએ આપણુ શોષણ કર્યુ અને અત્યારે પણ સમાજનુ શોષણ થઈ રહ્યુ છે, બંધારણમાં અનુસુચિત ૫ આદિવાસી લોકો માટે બનાવવામાં આવી છે. પરંતુ ગુજરાતમાં આજદીન સુધી તે લાગુ થઈ નથી, તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે સત્તામાં બેસેલા લોકો સત્તાનો દુરુપયોગ કરી આદિવાસી વિસ્તારોમાં ખનીજોની ચોરી કરી રહ્યા છે અને તેમની જમીન છીનવી રહ્યા છે, અન્ય રાજયોનો ઉદાહરણ આપીને ગુજરાતમાં અનુસુચિ-૫ લાગુ ન થવા પર સવાલ ઉઠાવ્યા હતા, તેમણે કહ્યુ હતુ કે આસામ સિકકીમ , મિઝોરમ, નાગાલેન્ડ અને મેઘાલય જેવા રાજયોમાં બંધારણની અનુસુચિત ૬ નો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ ગુજરાતમાં અનસુચિત-૫ પણ લાગુ કરવામાં આવી નથી, સત્તા પર પ્રહાર કરતા ચૈતર વસાવાએ કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી ૨૪ વરસથી સત્તામાં છે છતાં પણ આજે આદિવાસીઓ શિક્ષણ, નર્મદાના પાણી અને પોતાની જમીન બચાવવા માટે આંદોલનો કરે છે, આદિવાસીઓની એકતાની તાકાત દર્શાવતા ચૈતર વસાવાએ કહ્યુ હતુ કે આપણી એકતાના કારણે જ આજે રાજયના નાયબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓને ડેડીયાપાડાની ગલીઓમાં ફરવુ પડે છે, તેણે ૪ વરસ પહેલા ભાજપના સાંસદ દ્વારા બિરસામુંડાની મુર્તિની સ્થાપના અટકાવવાના પ્રયાસોને યાદ કરીને કહ્યુ હતુ કે આજે વડાપ્રધાનને ડેડીયાપાડા આવવુ પડે છે, તે આદિવાસીઓની તાકાત છે, હુંકાર કરતા તેમણે કહ્યુ કે હવે લડેંગે જીતેંગે જિંદાબાદ જેવા આવેદન અને નિવેદન કરવા માંગતા નથી. હવે ધરણા પ્રદર્શનો અને આંદોલનો બંધ, જો અમારો પાંચમી અનુસુચિમાં સમાવેશ નહી કરો તો નેપાળવાળી કરવા માટે અમે ગાંધીનગર આવવાના છીએ.

# અમદાવાદમાં એસઆઈઆર ફોર્મ ભરવા માટે વર્ષ ૨૦૦૨ બાદ સ્થળાંતર થયેલા મતદારોને પડતી મુશ્કેલી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેર અને જિલ્લામાં હાલ મતદાર યાદી સુધારણા ની કામગીરી ચાલી રહી છે અને બીએલઓ પ્રમાણિકતાથી કામ કરી રહ્યા છે પણ મતદાર સુધારણા માટેના જે ફોર્મ આપવામાં આવ્યા છે જેમાં મતદારોએ વર્ષ ૨૦૦૨ ની વિગતો ભરવાની છે એટલે ૨૦૦૨ બાદ સ્થળાંતર થયેલા મતદારોને તે સમયની યાદી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.



**૨૦૦૨ ના વર્ષમાં જયાં રહેતા હતા તેની મતદાર યાદીની માહિતી માંગવામાં આવી છે: બીએલઓ ને ૨૦૦૨ ની સંપૂર્ણ મતદાર યાદી આપવામાં આવી નથી**

બીએલઓ ને પણ સંપૂર્ણ મતદાર યાદી આપવામાં આવી નથી, એટલે ૨૦૦૨ ના વર્ષમાં મતદારો જે વિસ્તારમાં રહેતા તેની યાદી મેળવવા મુશ્કેલી પડી રહી છે. મતદારોએ જાતે જ ૨૩ વરસ પહેલાની મતદાર યાદી શોધવાની છે, સરકાર પાસે બધી જ માહિતી છે ત્યારે આ પધ્ધતિ સરળ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા એસઆઈઆર ની કામગીરી પ્રગતિમાં છે ત્યારે શહેર / જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રીડેવલપમેન્ટ, ડીમોલેશન અથવા અન્ય કોઈ કારણસર સ્થળાંતર કરનારા તેમજ એ સિવાયના તમામ મતદારો માટે જિલ્લાના તમામ ૫૫૨૪ મતદાન મથકો ખાતે શનિવાર અને રવિવાર સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વિશેષ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. મતદારો ફોર્મ લઈને જાય છે ત્યારે ૨૦૦૨ ના વર્ષની વિગતો માંગવામાં આવે છે. બીએલઓ પાસે પણ સંપૂર્ણ મતદાર યાદી નથી.

આ અંગે જિલ્લા કલેકટર સુજીતકુમારે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૧ ડીસેમ્બર સુધીમાં કુલ ૫૫૨૪ જેટલા બીએલઓ ઘરે ઘરે જઈને મતદારોને યુનિક ફોર્મ આપશે, દરેક ફોર્મમાં મતદારોની પ્રાથમિક માહિતી પહેલેથી જ લખેલી હશે, જયારે બાકી વિગતો મતદારોને જાતે જ પુરી પાડવાની રહેશે, ૨૦૦૨ ની મતદાર યાદી સર્ચ કરવાનુ સરળ બને તે માટે નવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં માત્ર ૩ શબ્દો દાખલ કરતા જ માહિતી મળી શકશે. જો કે બીએલઓ ને ૨૦૦૨ ની સંપૂર્ણ યાદી આપવામાં નહી આવે, પરંતુ તેમના વિસ્તારમાંની યાદી જ આપવામાં આવી છે. ૨૦૦૨ ની યાદીમાં નામ હશે તો પ્રાથમિક રીતે તે યથાવત રહેશે. પરંતુ બાદમાં તેવા લોકો પાસેથી સત્તાવાર ફોર્મ માંગવામાં આવશે. મતદાર યાદીમાં નામ યથાવત રાખવા માટે ફોર્મ ભરવુ ફરજીયાત ગણવામાં આવ્યુ છે. જો કોઈ મતદાર ફોર્મ સબમીટ નહી કરે તો બાદમાં નિયમ મુજબના ૧૨ પુરાવામાંથી કોઈપણ પુરાવો આપવો ફરજીયાત બની રહેશે. આ સમગ્ર અભીયાન ૪ નવેમ્બર થી ૪ ડીસેમ્બર સુધી ચાલુ રહેશે, ત્યારબાદ ૪ થી ૯ ડીસેમ્બર દરમિયાન ડ્રાફટ રોલની પ્રક્રિયા હાથ ધરાશે, ૯ ડીસેમ્બર થી ૮ જાન્યુઆરી સુધી વિવિધ ફોર્મ સ્વીકારવાની કામગીરી ચાલશે, જયારે ૯ ડીસોમ્બાર થી ૩૧ જાન્યુઆરી સુધી નોટીસનો તબકકો રહેશે, અંતે ૭ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. આ પ્રક્રિયા દ્વારા મૃતક વ્યકિતઓના નામ મોટી સંખ્યામાં દુર થશે અને મતદાર યાદી વધુ વ્યવસ્થિત બનેલી જોવા મળશે.

### પીએમએ ભારતની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ટીમ સાથે વાર્તાલાપ કર્યો હતો

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સુરત, ગુજરાત ખાતે ભારતની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન ગતિની સમીક્ષા કરી

## પ્રધાનમંત્રીએ બુલેટ ટ્રેનના અમલમાંથી મેળવેલા અનુભવોને દસ્તાવેજીકૃત કરવાના મહત્વ પર ભાર મૂક્યો

**પીએમએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે દેશ માટે કામ કરવાની અને કંઈક નવું યોગદાન આપવાની લાગણી ઉભી થાય છે, ત્યારે તે પ્રચંડ પ્રેરણાનો સ્ત્રોત બની જાય છે**

**(PIB Ahmedabad)**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સુરત, ગુજરાત ખાતે ભારતની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન ગતિની સમીક્ષા કરી હતી.

તેમણે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ટીમ સાથે પણ વાર્તાલાપ કર્યો હતો. અને પ્રોજેક્ટની પ્રગતિ વિશે પૂછપરછ કરી, જેમાં ઝડપ અને સમયપત્રકના લક્ષ્યાંકોનું પાલન થઈ રહ્યું છે કે કેમ તે જાણ્યું હતું. કામદારોએ તેમને ખાતરી આપી કે પ્રોજેક્ટ કોઈ પણ મુશ્કેલી વિના સરળતાથી આગળ વધી રહ્યો છે.

કેરળના એક ઈજનેરે નવસારી, ગુજરાતમાં આવેલી નોઈઝ બેરિયર ફેક્ટરીમાં કામ કરવાના તેમના અનુભવ વિશે જણાવ્યું હતું, જ્યાં રીબાર (સળિયા)ના પાંજરાઓને વેલ્ડિંગ કરવા માટે રોબોટિક એકમો તૈનાત કરવામાં આવી રહ્યા છે. શ્રી મોદીએ તેમને પૂછ્યું હતું કે તેઓ ભારતની પ્રથમ બુલેટ ટ્રેન બનાવવાનો અનુભવ વ્યક્તિગત રીતે કેવી રીતે જુએ છે, અને આ ઐતિહાસિક સિદ્ધિ વિશે તેઓ તેમના પરિવારો સાથે શું વહેંચે છે. તેમણે દેશની પ્રથમ બુલેટ ટ્રેનમાં યોગદાન આપવા બદલ ગર્વ વ્યક્ત કર્યો હતો., અને તેને "ડ્રીમ પ્રોજેક્ટ" અને તેમના પરિવાર માટે "ગૌરવની ક્ષણ" ગણાવી હતી.

રાષ્ટ્રીય સેવાના ભાવ પર વિચાર કરીને, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે દેશ માટે કામ કરવાની અને કંઈક નવું યોગદાન આપવાની લાગણી ઉભી થાય છે, ત્યારે તે પ્રચંડ પ્રેરણાનો સ્ત્રોત બની જાય છે. તેમણે ભારતની અવકાશ યાત્રા સાથે સરખામણી કરી, યાદ અપાવ્યું હતું કે દેશનો પ્રથમ ઉપગ્રહ છોડનારા વૈજ્ઞાનિકોને કેવું લાગ્યું હશે, અને આજે સેંકડો ઉપગ્રહો છોડવામાં આવી રહ્યા છે.

અન્ય એક કર્મચારી, બેંગલુરુની શ્રુતિ, જે લીડ એન્જિનિયરિંગ મેનેજર તરીકે સેવા આપી રહી છે, તેણે કઠિન ડિઝાઈન અને એન્જિનિયરિંગ કંટ્રોલ પ્રક્રિયાઓ સમજાવી. તેણીએ પ્રકાશિત કર્યું હતું કે અમલના દરેક તબક્કે, તેમની ટીમ ભૂલ વિનાનું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે ફાયદા અને ગેરફાયદાનું મૂલ્યાંકન કરે છે, ઉકેલો ઓળખે છે અને વિકલ્પોની શોધ કરે છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે જો અહીં મેળવેલા અનુભવો રેકોર્ડ કરવામાં આવે અને બ્લુ બુકની જેમ સંકલિત કરવામાં આવે, તો દેશ બુલેટ ટ્રેનોના મોટા પાયે અમલની દિશામાં નિર્ણાયક રીતે આગળ વધી શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે પુનરાવર્તિત પ્રયોગો ટાળવા જોઈએ અને તેના બદલે હાલના મોડેલોમાંથી શીખેલા અનુભવોની નકલ કરવી જોઈએ. શ્રી મોદીએ હાઈલાઈટ કર્યું હતું કે નકલ માત્ર ત્યારે જ અર્થપૂર્ણ બનશે જો અમુક પગલાં શા માટે લેવામાં આવ્યા તેની સ્પષ્ટ સમજ હોય. નહીંતર, તેમણે ચેતવણી આપી, નકલ હેતુ વિના અથવા દિશા વિના થઈ શકે છે. તેમણે સૂચવ્યું કે આવા રેકોર્ડ્સ જાળવવાથી ભવિષ્યના વિદ્યાર્થીઓને ફાયદો થઈ શકે છે અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપી શકાય છે. "અમે અહીં અમારું જીવન સમર્પિત કરીશું અને દેશ માટે કંઈક મૂલ્યવાન છોડીને જઈશું," પ્રધાનમંત્રીએ નિશ્ચયપૂર્વક જણાવ્યું હતું. એક કર્મચારીએ કવિતા દ્વારા પોતાની પ્રતિબદ્ધતાના હૃદયસ્પર્શી શબ્દો વ્યક્ત કર્યા, જેને પ્રધાનમંત્રીએ તેમની નિષ્ઠાની પ્રશંસા કરીને સન્માન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા.

### ઘર છોડી ગયેલા બંને સગીર રાજસ્થાનથી મળ્યા

# ક્રિકેટર બનવાની ઘેલછામાં બે સગીરોએ ઘર છોડ્યું

## માતા-પિતાને ચિઠ્ઠી લખીને ટ્રેનમાં મુંબઈ પહોંચ્યા હતા, ભીલવાડામાંથી પોલીસે સગીરોને શોધી કાઢ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

વાલીઓ માટે લાલબત્તી સમાન ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ક્રિકેટર બનવાની ઘેલછામાં બે સગીરે ઘર છોડ્યું છે. ઘર છોડી ગયેલા બંને સગીર રાજસ્થાનથી મળ્યા છે. માતા-પિતાને ચિઠ્ઠી લખીને ટ્રેનમાં મુંબઈ પહોંચ્યા હતા. ભીલવાડામાંથી પોલીસે સગીરોને શોધી કાઢ્યા છે. બાળકોની ક્રિકેટર બનવાની ઘેલછાએ પોલીસ અને માતા-પિતાને દોડતા કર્યા છે. ક્રિકેટર બનવાની ઘેલછામાં ઘર છોડીને ગયેલા ૨ સગીરો છેક રાજસ્થાનથી મળી આવ્યા છે. માતા-પિતાને ચિઠ્ઠી લખી બંને સગીરો ટ્રેન મારફતે મુંબઈ પહોંચ્યા હતા. મુંબઈથી રાજસ્થાન ભીલવાડા મામાને ત્યાં પહોંચેલા સગીરોને પોલીસે શોધી કાઢ્યા છે. ઈચ્છાપોર વિસ્તારમાં રહેતા બે સગીરવયના કિશોરો ઘરેથી નીકળ્યા હતા. એક જ સ્કૂલમાં અભ્યાસ કરતા બંને બાળકોએ માતા-પિતા અને પોલીસને દોડતી કરી હતી. તેઓ ચિઠ્ઠી લખીને ઘરેથી ભાગી ગયા હતા. જેમાં લખ્યું હતું કે, "મમ્મી-પપ્પા મેં જા રહા હું, અપના સપના પૂરા કરને. આપ ચિંતા ના કરે, મેં વાપિસ આ જાઉંગા. કુછ હી સાલો મેં ઔર મુઝે ઢૂંઢને કી કોશિશ ના કરે. આપ જીતના ઢૂંઢોગે મુજે ઉતની હી દિક્કતે હોગી. મેં ઘર વાપિસ આઉંગા, ઈસે મેરા બચપના ના સમજે." ૧૧ નવેમ્બરે ઈચ્છાપોરમાં બનેલી ઘટના બાદ પોલીસ તપાસમાં લાગી હતી. પોલીસની જુદી-જુદી ટીમોએ ૯૩ જેટલા સીસીટીવી કેમેરા ખંગોળ્યા હતા. ઈચ્છાપોરથી લઈ સુરત રેલવે સ્ટેશન સુધીના સીસીટીવી કેમેરાની તપાસ કરી હતી. શરૂઆતમાં બંને સગીરો મહારાષ્ટ્ર તરફની ટ્રેનમાં જતા જોવા મળ્યા હતા. પોલીસની ટીમ તાત્કાલિક બાળકોની પાછળ મહારાષ્ટ્ર મુંબઈ તરફ દોડી હતી. પાછળથી બંને બાળકો બોરીવલીથી રાજસ્થાન ભીલવાડાની ટ્રેનમાં બેસી ગયા હતા. રાજસ્થાન ભીલવાડા પહોંચેલી પોલીસને બાળકોનું લોકેશન તેમના મામાના ઘરનું મળ્યું હતું. પોલીસે સગીરોને સુરત લાવી માતા-પિતાને સોંપતા રાહતનો શ્વાસ લીધો હતો. હાલ સમગ્ર મામલે વધુ કાર્યવાહી ઈચ્છાપોર પોલીસ કરી રહી છે.

### ૧૦૦ દિવસ બંધ રહેશે સુરત રેલવે સ્ટેશનના ૨ પ્લેટફોર્મ

# ઉધના રેલવે સ્ટેશન પર યાત્રીઓને અસુવિધાનો સામનો કરવો પડશે

## આધુનિકીકરણના કામના ભાગરૂપે આગામી ૧૭ નવેમ્બરથી પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ને ૧૦૦ દિવસ માટે બંધ રખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરો માટે આગામી દિવસોમાં મોટી અસુવિધાનો સામનો કરવો પડી શકે છે. સ્ટેશન પર ચાલી રહેલા આધુનિકીકરણના કામના ભાગરૂપે આગામી ૧૭ નવેમ્બરથી પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ને ૧૦૦ દિવસ માટે બંધ રાખવામાં આવશે. હાલ પણ પ્લેટફોર્મ નંબર ૬ પરથી ઉપડતી ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોને ભારે હાલાકી બેઠવી પડી રહી છે.

ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ને આગામી ૧૦૦ દિવસ માટે બંધ રાખવાનો રેલવે તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. તેથી હવે આ પ્લેટફોર્મ પરથી પસાર થતી તમામ ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ૬ પરથી દોડાવવામાં આવશે. જોકે, મુસાફરોની ચિંતા એ છે કે, પ્લેટફોર્મ નંબર ૬ પર પાણીના પરબ, શૌચાલય અને બેસવાની વ્યવસ્થા જેવી મૂળભૂત સુવિધાઓ પણ હજુ સુધી પૂર્ણપણે ઉપલબ્ધ નથી.

હાલમાં જ પ્લેટફોર્મ ૬ પરથી મુસાફરી કરી રહેલા યાત્રીઓ આ સુવિધાઓના અભાવે પહેલેથી જ હાલાકી ભોગવી રહ્યા છે. અસુવિધા અહીં જ પૂરી થતી નથી. સ્ટેશનના આધુનિકીકરણના કામને કારણે સુરત તરફના વિસ્તારમાં પ્લેટફોર્મ ૬ સુધી પહોંચવાનો રસ્તો પણ હજુ વિકસિત થયો નથી. જેના કારણે મુસાફરોને પ્લેટફોર્મ સુધી પહોંચવામાં પણ ભારે મુશ્કેલી અને અડચણોનો સામનો કરવો પડી રહ્યો છે.

આ સંજોગોમાં, પ્લેટફોર્મ ૪ અને ૫ બંધ થવાથી અને ટ્રેનો સુવિધા વગરના પ્લેટફોર્મ ૬ પરથી દોડવાના કારણે, મોટી સંખ્યામાં મુસાફરોને આગામી ૧૦૦ દિવસ સુધી ભારે અસુવિધાનો સામનો કરવો પડશે. રેલવે દ્વારા મુસાફરોની હાલાકીને ધ્યાનમાં રાખીને વહેલી તકે પ્લેટફોર્મ ૬ પર જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે તેવી માંગ છે.

### ટેન્કરને ગેસ કટરથી કાપતા પોલીસ પણ ચોંકી ઉઠી

# છોટાઉદેપુર: સિમેન્ટની આડમાં શરાબની હેરાફેરી

## પાવીજેતપુર તરફ જતા રસ્તા પરથી LCBએ ટેક્રરમાંથી ૨.૭૦ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા મળી છે. છોટાઉદેપુરથી પાવીજેતપુર તરફ જતા રસ્તા પરથી LCBએ ટેક્રરમાંથી આશરે ૨.૭૦ કરોડ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. લુઝ સિમેન્ટ ભરવાના ટેક્રરનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે થતો હોવાનું બહાર આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. મળતી માહિતી અનુસાર, LCB પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે પાવીજેતપુર તરફ જઈ રહેલા એક ટેક્રરમાં સિમેન્ટની આડમાં મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે LCBની ટીમે હાઈવે પર શંકાસ્પદ જણાતા એક ટેક્રરને રોક્યું અને તેની સઘન તપાસ કરી. તપાસ દરમિયાન ટેક્રરના કમ્પાર્ટમેન્ટમાં લુઝ સિમેન્ટની આડમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, ટેન્કર અને અન્ય વસ્તુઓ સહિત કુલ ૨,૭૦,૧૪,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, ટેન્કરને ગેસ કટરથી કાપીને આ દારૂનો જથ્થો બહાર કાઢ્યો હતો. હાલ મામલે પોલીસે ઝડપાયેલા ટેક્રચાલક મહેશ જાટ સહિત અન્ય ત્રણ આરોપીઓ સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. ઝડપાયેલો આ દારૂનો જથ્થો રાજસ્થાનથી ગુજરાતમાં ઘૂસાડવાનો પ્રયાસ હતો, જેને ન્ઝમ્એ નિષ્ફળ બનાવ્યો છે. હાલ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો, તે અંગેની ઊંડી તપાસ ચાલી રહી છે. દારૂની તસ્કરીના નેટવર્કની કડીઓ મેળવવા માટે આરોપી મહેશ જાટની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે.

# જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત જેવી નાની ચુંટણીઓમાં પણ પ્રધાનમંત્રી આવશે ?
## આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વડાપ્રધાનના કાર્યક્રમ પર કર્યો કટાક્ષ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભગવાન બિરસામુંડાની જન્મજયંતિના દિવસે આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ આદિવાસી સમાજના મોટા સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીને લઈ તેમણે કડક ટીપ્પણીઓ કરી હતી, ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે ચૈતર વસાવાની લોકપ્રિયતા એટલી વધી ગઈ છે કે દરેક આદિવાસીના દિલમાં હવે તેઓ વસી ગયા છે, ચૈતર વસાવાની વધતી લોકપ્રિયતા, ઈસુદાન ગઢવીએ દાવો કર્યો હતો કે ચૈતર વસાવાની વધતી લોકપ્રિયતા અને વધી રહેલા જનસમર્થનને જોતા જ પ્રધાનમંત્રી મોદીને ડેડીયાપાડા આવવુ પડયું. તેમણે તીખા પ્રહાર કરતા કહ્યુ કે આમ આદમી પાર્ટી જેવી રીતે આદિવાસી વિસ્તારોમાં મજબુત બની રહી છે તેના સામે ભાજપનો કોઈપણ સ્થાનિક નેતા ટકી શકે તેમ નથી. તેથી જ પીએમ મોદીને જાતે આવવુ પડે છે,

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત જેવી નાની ચુંટણીઓમાં પણ પ્રધાનમંત્રી આવશે ? તેમણે સવાલ ઉઠાવ્યો કે શું હવે જિલ્લા અને તાલુકા પંચાયત જેવી નાની ચુંટણીઓમાં પણ પ્રધાનમંત્રી આવશે ? સાથે સાથે ગઢવીએ આક્ષેપ કર્યો કે પીએમ મોદીની સભામાં ભીડ ભેગી કરવા મહારાષ્ટ્રથી લોકો લાવવામાં આવ્યા હતા અને છતાં પણ લોકો મોટી સંખ્યામાં આવ્યા ન હતા. તો બીજી તરફ ચૈતર વસાવાની સભામાં કોઈ વ્યવસ્થા વિના સ્વયંભુ લાખો લોકો જોડાયા, જેનાથી સાબિત થાય છે કે આદિવાસી સમાજ જાગૃત થઈ ગયો છે અને આમ આદમી પાર્ટી સાથે ઉભો છે, આદિવાસી સમાજ હવે ભાજપને પસંદ કરતો નથી. ઈસુદાન ગઢવીએ વધુમાં આરોપ લગાવ્યો કે ભાજપ સરકાર દ્વારા આદિવાસી સમાજના જળ, જંગલ, જમીન અને અધિકારીઓને લુંટવામાં આવ્યા, જયારે આ મુદ્દાઓ પર ચૈતર વસાવા આદિવાસીઓનો સાચો અવાજ બની રહ્યા છે. ગઢવીએ વધુમાં કહ્યુ કે આજની પરીસ્થિતિ સ્પષ્ટ કરે છે કે આદિવાસી સમાજ હવે ભાજપને પસંદ કરતો નથી, પ્રધાનમંત્રીની પોતાની આબરૂ ઘટશે, સરકારની કામગીરી અંગે ટકોર કરતા તેમણે કહ્યુ કે દેશમાં આતંકવાદી હુમલા વધી રહ્યા છે અને દેશની આર્થિક સ્થિતિ પણ સારી નથી. ત્યારે પ્રધાનમંત્રી મોદીએ આ મહત્વના મુદ્દાઓ પર ધ્યાન આપવુ જોઈએ. સાથે જ તેમણે ચેતવણી આપી કે વારંવાર નાની ચુંટણીઓમાં હાજરી આપવાથી પ્રધાનમંત્રીની પોતાની આબરૂ ઘટશે.




# રઘુ દેસાઈએ કોઈ રાજીનામુ આપ્યુ નથીઃ દાદાની સરકાર ખાડે ગઈ છેઃ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે રાધનપુરના પૂર્વ ધારાસભ્ય રઘુ દેસાઈના રાજીનામા અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે રઘુ દેસાઈએ કોઈ રાજીનામુ આપ્યુ નથી અને નારાજગીના મુદ્દે તેમની સાથે વાતચીત થઈ ગઈ છે. આ સાથે તેઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ધારાસભ્ય રઘુ દેસાઈના મુદ્દે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે રઘુ દેસાઈએ કોઈ રાજીનામુ આપ્યુ નથી અને નારાજગીના મુદ્દે તેમની સાથે વાતચીત થઈ ગઈ છે. અમિત ચાવડાએ આ મુદ્દાને બાજુ પર મુકીને સીધો જ સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે નારાજ રઘુ દેસાઈ નહી પણ ગુજરાતની જનતા છે, તેમણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર આક્રોશ વ્યકત કરતા કહ્યુ હતુ કે મંત્રીઓ લુંટ ચલાવે છે અને મંત્રીઓના પુત્રો જેલ માં છે. નવા મંત્રી મંડળના કેટલાક પીએપીએસએ પણ પ્રજા પાસેથી ઉઘરાણા શરૂ કર્યા છે. હમણા થોડા સમય અગાઉ જ વાવ ના ધારાસભ્ય અને સરકારના નવનિયુકત મંત્રી ના પીએસ દ્વારા ઉઘરાણુ કરવામાં આવતુ હોવાની ફરીયાદો ઉઠી હતી ત્યારે મંત્રીઓના પીએપીએસએ પણ ઉઘરાણા શરૂ કરતા પ્રજામાં નારાજગી વર્તાઈ છે.

સરકારના મંત્રીઓ પણ લુંટ ચલાવી રહ્યા છે અને મંત્રીઓના પુત્રો જેલ માં છે દાદાની સરકાર ખાડામાં ગઈ હોવાથી પ્રજાની પીડાને વાચા આપવા કોંગ્રેસ જન આક્રોશ યાત્રાની શરૂઆત કરવા જઈ રહી છે.

# વાઘોડીયાના ધર્મેન્દ્રસિંહ વાઘેલાના વિરોધીઓ પર પ્રહાર કહ્યું
## વાઘોડીયા બોડી બોમણીનુ ખેતર નથીઃ ઈટનો જવાબ પથ્થરથી આપીશ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના પાંચદેવલા ગામે જિલ્લા પંચાયત સીટને ધ્યાનમાં રાખી સ્નેહમિલન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર રહેલા વાઘોડીયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સ્ટેજ પરથી જોરદાર રાજકીય હુમલો કરતા વિરોધીઓને આડે હાથ લીધા હતા. જેના કારણે રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો હતો. વાઘેલાએ સ્નેહમિલનમાં ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતી વખતે પૂર્વ દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનુ નામ લીધા વગર જ સીધી ટીકા કરી હતી.

વાઘોડીયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે એક ખોટા બહુરૂપીયા આવીને સોશીયલ મીડીયાના માધ્યમથી ભ્રમિત કરવાનુ કામ કરતા હોય એવા લોકોને તમે મારી વાઘોડીયાની ભોળી અને પ્રેમી જનતા છે એનો દુરુપયોગ કોઈ ના કરી જાય એટલા માટે થઈને આજે આ વાતનો ઉલ્લેખ કરૂ છુ, મારે આ વાતનો આજે ઉલ્લેખ કરવાની કોઈ જરૂર નથી પણ આવનારી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ની ચુંટણીઓ જયારે આવી રહી છે ત્યારે ૨૦૨૨ માં જેને ડીપોઝીટો ગુમાવી હતી એ લોકો પાછા ફરી એવુ કહે કે અમે વાઘોડીયાની જનતાની સેવા કરશુ, તેમણે વધુમાં કહ્યુ હતુ કે એ પણ ભારતીય જનતા પાર્ટીની સામે ચેલેન્જની વાતો કરતા હોય તો હું કહેવા માંગુ છુ, આ વાઘોડીયા બોડી બોમણીનુ ખેતર નથી, એટલે એવો કોઈ પ્રયત્ન કરતા નહી, ધર્મેન્દ્રસિંહ વાઘેલા નથી બોલતા એ માત્રને માત્ર મર્યાદામાં છે અને તમે બધાયે મને જે પ્રેમ આપ્યો છે એની મર્યાદા રાખુ છુ,

બાકી જે દિવસે આ કોઈ એવો પ્રયત્ન કરવા જશે તે દિવસે આ ધર્મેન્દ્રસિંહ ઈંટનો જવાબ પથ્થરથી આપશે. કોઈ બહુરૂપીયાની વાતોમાં ન આવતા, આવનારી તાલુકા અને જિલ્લા પંચાયતોની ચુંટણીમાં કોઈ પણ બહુરૂપીયા આવે તો તેને આપણા ગામમાં પ્રવેશવા દેતા નહી. જુતોનો હાર પહેરાવી રવાના કરજો, તેઓએ આગળ કહ્યુ કે કોઈ થી ગભરાતા નહી, હું નહી તમે ધારાસભ્ય છો,

ધર્મેન્દ્રસિંહના આ પ્રકારના નિવેદન બાદ કાર્યકરો માં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જયારે રાજકીય વર્ગોમાં આ નિવેદન ચર્ચાનો વિષય બની ગયો છે. સ્નેહમિલન કાર્યક્રમનો મુખ્ય હેતુ આવનારી ચુંટણી માટે કાર્યકરોને એક જુટ રાખવાનો હતો પરંતુ ધારાસભ્યના આક્રમક નિવેદનોને કારણે કાર્યક્રમ રાજકીય રંગ માં રંગાઈ ગયો, વાઘોડીયા વિસ્તારમાં આવતા દિવસોમાં રાજકીય ચર્ચાઓ વધુ ગરમાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# જીપીએસસી કલાસ ૧-૨ ની પરીક્ષાનુ એક વરસ બાદ પણ પરીણામ જાહેર ન કરાતા ઉમેદવારોમાં રોષ
### જીપીએસસી દ્વારા પરીણામ કયારે જાહેર થશે તેની કોઈ જ સ્પષ્ટતા કરાતી નથીઃ જીપીએસસી ની મેઈન પરીક્ષાને એક વરસ કરતા વધુ સમય થઈ ગયો છે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા કલાસ-૧-૨ ની ૨૦૨૩-૨૪ ભરતી ની જાહેરાત અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૪ માં પ્રીલીમ પરીક્ષા લેવાયા બાદ ઓકટોબર ૨૦૨૪ માં મેઈન લેવાઈ હતી.

આ પરીક્ષા લીધા ને એક વરસ થવા છતાં હજુ સુધી મેઈનનુ પરીણામ જાહેર ન થતાં પરીક્ષા આપનાર ઉમેદવારો મુશ્કેલીમાં મુકાયા છે તો બીજી તરફ જીપીએસસી દ્વારા પરીણામ કયારે જાહેર થશે અને કયારે ઈન્ટરવ્યુ લેવાશે તેની કોઈ જ સ્પષ્ટતા કરાતી નથી. જેને પગલે ઉમેદવારોના નાણાં અને સમયનો વ્યય થાય છે, જીપીએસસી કલાસ ૧-૨ ની ભરતીની ગત ઓકટોબર ૨૦૨૪ ને મેઈન પરીક્ષા આપનારા ઉમેદવારોએ પરીણામની ચાતક નજરે જોઈ રહ્યા છે. પરીણામ કયારે જાહેર કરાશે તે આયોગના પદાધિકારીઓ પણ કહી શકતા નથી. ઉમેદવારોના કહેવા મુજબ વર્ષ ૨૦૨૩-૨૪ ની ભરતી ની જાહેરાત અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૪ માં પ્રીલીમ પરીક્ષા લેવાઈ હતી જેમાં કવોલીફાઈ થનારા અંદાજે ૯૯૦૦ જેટલા ઉમેદવારોએ ઓકટોબર ૨૦૨૪ માં મેઈન પરીક્ષા આપી હતી. મેઈન પરીક્ષાને એક વરસ કરતા વધુ સમય થઈ ગયો છે. પરંતુ હજુ સુધી જીપીએસસી દ્વારા પરીણામ જાહેર કરાયુ નથી, ઉમેદવારોની ફરીયાદ છે કે જીપીએસસીમાં હાલ માત્ર ચેરમેન અને અન્ય એક જ મેમ્બર છે જયારે ૫ મેમ્બરની જગ્યા ખાલી છે, ઓકટોબર ૨૦૨૪ ની મેઈન પરીક્ષાનુ પરીણામ જાહેર કરવામાં આવતુ નથી અને નવી નવી ભરતી ની પરીક્ષાઓ જાહેર થાય છે તેમજ લેવામાં આવે છે. ત્યારે ઉમેદવારોએ નવી પરીક્ષાઓ માટે તૈયારી કરવી કે નહી, પરીક્ષા આપવી કે નહી તેની મોટી મુંઝવણ છે. ઉમેદવારોની ફરીયાદ છે કે પરીણામ મુદ્દે અનેકવાર પુછપરછ કરવામાં આવી છે. પરંતુ જીપીએસસી દ્વારા કોઈ સ્પષ્ટતા કરાતી નથી. માત્ર વેબસાઈટ જોતા રહેવુ તેવો જ જવાબ આપાવમાં આવે છે. બે વરસ પહેલા જાહેર થયેલી ભરતીમાં હજુ સુધી ફાઈનલ પસંદગી જ થઈ શકી નથી, મેઈનનુ પરીણામ કયારે આવશે અને ઈન્ટરવ્યુ કયારે થશે તેને લઈને ઉમેદવારો ચિંતામાં મુકાયા છે. ઉપરાંત આયોગમાં મેમ્બરો પણ પુરતા ન હોવાથી ભરતીની પરીક્ષાઓમાં ઈન્ટરવ્યુ પણ કઈ રીતે લેવાશે તે પ્રશ્ન ઉમેદવારો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

# મતદાર યાદીમાંથી નામ જાતે શોધી લો કહેતા રાજકોટમાં બીએલઓ અને મતદારો વચ્ચે ઘર્ષણઃ વિડીયો થયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજકોટ શહેરમાં મતદાર યાદી તૈયારીની કામગીરી વચ્ચે આજે એક નવો વિવાદ સામે આવ્યો છે. રાજકોટ શહેરના વિવિધ મતદાન મથકો પર બીએલઓ (બુથ લેવલ ઓફીસર) દ્વારા મતદારોની ફોર્મ ચકાસણી શરૂ થતા જ કેટલાક સ્થળોએ બીએલઓ અને લોકો વચ્ચે ઘર્ષણ સર્જાઈ રહ્યુ છે જેનો વિડીયો પણ વાયરલ થઈ રહ્યો છે , એસઆઈઆર પ્રક્રિયાનુ પાલન કરવામાં બીએલઓ વ્યસ્ત હતા પરંતુ લોકોની મદદ માંગતા અનેક મતદારોને યોગ્ય માર્ગદર્શન ન મળતા વાતાવરણ તંગ બન્યુ હતુ.

ઘટનાનો એક વિડીયો વાયરલ થયો હતો જેમાં એક મતદાર બીએલઓ પાસે પોતાના માતા પિતાના નામ અને ૨૦૦૨ ની મતદાર યાદીની વિગતો વિશે પુછે છે, મતદાર અનુસાર તેની ચુંટણીકાર્ડ ની માહિતીમાં કેટલી ગરબડ હતી જેને ઠીક કરાવવા તે બીએલઓ સુધી પહોચ્યો હતો પરંતુ મદદ કરવાની જગ્યાએ બીએલઓ ગુસ્સે ભરાયા હોવાનુ વિડીયોમાં બહાર આવ્યુ હતું. બીએલઓ એ મતદારને કહ્યુ મતદાર યાદી જાતે શોધી લો, અને તમારા માતા પિતા જો સુરેન્દ્રનગર રહેતા હોય તો ત્યાં જઈ તપાસો, આ જવાબથી મતદાર હેરાન થઈ ગયો અને બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ, આ ઘટનાનો વિડીયો સોશીયલ મીડીયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેના કારણે બીએલઓની કામગીરી અંગે ફરી સવાલો ઉભા થયા છે, મતદારોનુ કહેવુ છે કે ચુંટણી જેવી લોકશાહી પ્રક્રિયામાં બીએલઓની ભુમિકા મતદારોને સમજાવવા અને સહાય આપવા માટે હોય છે પરંતુ ઉડાઉ જવાબો આપવાથી લોકોમાં અસંતોષ વધી રહ્યો છે.

આ તરફ સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે ઘણા બીએલઓ પોતાની ધીરજ ગુમાવી દેતા હોવાને કારણે સામાન્ય નાગરીકોને મુશ્કેલી પડે છે. ચુંટણીપંચે જયાં સરળ અને પારદર્શક પ્રક્રિયા માટે બીએલઓને જવાબદારી સોંપી છે ત્યાં આવા વર્તનથી સમગ્ર પ્રક્રિયા પ્રત્યે લોકોનો વિશ્વાસ ડગમગે છે. હાલમાં આ સમગ્ર મામલે વિસ્તારના અધિકારીઓ ઘટનાનો વિડીયો તપાસી રહ્યા છે કે બીએલઓનુ વર્તન નિયમોના વિરૂધ્ધ હતુ કે નહી, ચુંટણી અગાઉ આવી ઘટનાઓ સામે આવતા બીએલઓની તાલીમ અને વર્તનશૈલી અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

# ગુજરાતમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થઈ ગયુ તેનુ એક અઠવાડીયુ થઈ ગયુ તેમ છતાં હજુ સુધી પીએ પીએસની નિમણુંક ન થતા નિયુકિત કયારે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ૨.૦ સરકારમાં નવા સમાવેશ થયેલા મંત્રીઓના કાર્યાલયમાં મહદ અંશે આજદીન સુધી પીએ કે પીએસની નિયુકિત થઈ નથી. ગુજરાતમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થયાના એક અઠવાડીયાનો સમયગાળો થઈ ગયો હોવા છતાં હજુ સુધી પીએ કે પીએસની નિયુકિત નહી થતા હાલ વિભાગના અનેક કાર્યોમાં પણ વિલંબ થઈ રહ્યો છે. જો કે મંત્રી મંડળમાં રીપીટ થયેલા મંત્રી ઋષીકેશ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રી કનુભાઈ દેસાઈ સહિતના મંત્રીઓએ તેમનો સ્ટાફ યથાવત રાખતા પ્રજામાં કચવાટ ઉભો થવા પામ્યો છે. ખુદ નવા સમાવિષ્ટ મંત્રીઓ પણ પીએ કે પીએસની નિયુકિતના અભાવે પોતાને સોંપાયેલા વિભાગમાં નિર્ણય લઈ શકતા નથી.

હમણા થોડા સમય અગાઉ જ વાવ ના ધારાસભ્ય અને ખાદી ગ્રામદ્યોગ મંત્રી સ્વરૂપજી ઠાકોરના પીએસની ફરીયાદો છે કે સીએમઓ માં પહોચી હતી. ત્યારે નવા પીએ પીએસ કયારે મુકાય છે તેની પ્રજા આતુરતાથી રાહ જોઈને બેઠી છે. હવે નવા મંત્રી પણ પોતાના કાર્યાલયમાં



પીએ કે પીએસ ની ઝડપથી નિયુકિત થાય તેની રાહ જોઈ રહ્યાની પ્રતિતિ થાય છે. પીએ કે પીએસની નિયુકિત વિના મંત્રીના કાર્યાલય પણ સુમસામ લાગે છે. તદ ઉપરાંત નવા મંત્રીઓના મત વિસ્તાર કે અન્ય શુભેચ્છકો કાર્યાલય સુધી પહોચે છે ત્યારે સ્ટાફની ગેરહાજરીના કારણે તેઓ પણ નિરાશા અનુભવે છે, એટલુ જ નહી પોતાના કાર્યની રજુઆત પણ નહી થઈ શકતા વિસ્તારમાંથી ફોગટ ધકકો થયાનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવે બિહાર ચુંટણી પણ હેમખેમ પુર્ણ થઈ છે ત્યારે વહેલી તકે નવા મંત્રીના બાકી સ્ટાફની ભરતી કરવાની માંગ પ્રબળ બની છે. આગામી સમયમાં કોર્પોરેશન અને પાલીકા ચુંટણી થવાની છે.

ત્યારે નવા મંત્રીઓ પણ પોતાના વિધાનસભા મત વિસ્તારના કાર્યો કરવા ઉત્સુક છે ત્યારે તેઓ પણ ઝડપથી પીએ કે પીએસ ની ભરતી માટે ઈચ્છુક છે જો કે હાલ પ્રક્રિયા ચાલુ હોવાની વાત કરી વધુ કાંઈ કહેવાનુ મંત્રી ટાળી રહ્યા છે. ત્યારે હવે વિકાસની રાજનીતી સાથે આગળ વધી રહેલી સરકારમાં ઝડપથી નિયુકિત માટે નવા મંત્રીઓ પણ આશાવાદી છે. ત્યારે હવે પીએ કે પીએસની નિયુકિત થાય છે તે ચર્ચા હાલ ટોક ઓફ ધ કેપીટલ રહી છે. તો બીજી તરફ કેટલાક લોકો એવુ કહી રહ્યા છે કે મંત્રીઓના પીએ પીએસ ની યાદી ગાંધીનગર કમલમમાં થી આવવાની છે ત્યારે આ યાદી કયારે મુકાશે તેની પણ ભાજપના આગેવાનો રાહ જોઈ રહ્યા છે.

### ભારે જહેમત બાદ ઝાડીઓમાંથી બહાર કઢાયો
# વડોદરામાં ૧૦ ફૂટ લાંબા મહાકાય મગરનું રેસ્ક્યુ
### મુજમહુડાના વિશ્વ જ્યોતિ આશ્રમ નજીક રહેણાંક વિસ્તારમાં એક મહાકાય મગર ઝાડીમાં ફસાઈ ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના મુજમહુડા વિસ્તારમાં શનિવારે (૧૫મી નવેમ્બર) રાત્રે એક મહાકાય મગર ઝાડીઓમાં ફસાઈ જવાની ઘટના બનતાં ખળભળાટ મચી ગયો હતો. જોકે, જીવદયા પ્રેમીઓ અને સ્થાનિકોની ભારે જહેમત બાદ સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડીને મગરને સુરક્ષિત રીતે બહાર કાઢી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મુજમહુડાના વિશ્વ જ્યોતિ આશ્રમ નજીક રહેણાંક વિસ્તારમાં એક મહાકાય મગર ઝાડીમાં ફસાઈ ગયો હોવાની જાણ થતાં વડોદરા એનિમલ રેસ્ક્યુ અને વાઈલ્ડલાઈફ રેસ્ક્યુની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. આ દરમિયાન તેણે જોયું કે મગર અંદાજે ૧૦.૫ ફૂટ લાંબો અને ૧૦૫ કિલો વજન ધરાવતો હતો. મગર એવી જગ્યાએ ઝાડીઓમાં ફસાયો હતો જ્યાંથી તેને બહાર કાઢવું અત્યંત મુશ્કેલ હતું અને તે હલચલ પણ કરી શકતો ન હતો. વડોદરા એનિમલ રેસ્ક્યુ ટીમ અને સ્થાનિક રહીશોની મદદથી ભારે જહેમત ઉઠાવી હતી. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મગર તથા કોઈ વ્યક્તિને ઈજા ન થાય તે માટે સંપૂર્ણ સાવચેતી રાખવામાં આવી હતી. અંતે વોલિએન્ટર્સે સ્થાનિકો સાથે મળીને મગરને દોરડા વડે બાંધીને ખેંચીને સલામત રીતે બહાર કાઢ્યો હતો. સફળ રેસ્ક્યુ બાદ મગરને વન વિભાગના હવાલે સોંપવામાં આવ્યો છે, જે તેને તેના કુદરતી રહેઠાણમાં સુરક્ષિત રીતે છોડી મૂકશે.

# અમરેલીઃ પતિના સહકર્મીએ યુવતી ઉપર દુષ્કર્મ આચર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક ૨૨ વર્ષીય યુવતીએ તેના પતિના સહકર્મીએ જ દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ કેસમાં પોલીસની ભૂમિકા પર પણ સવાલો ઊઠી રહ્યા છે, કારણ કે પીડિત પક્ષે આક્ષેપ કર્યો છે કે પોલીસે શરૂઆતમાં ફરિયાદ ન નોંધીને આરોપીને છાવરવાનો પ્રયાસ કર્યો હતો.

મળતી માહિતી મુજબ, યુવતીના પતિના સહકર્મીએ જ આ કૃત્ય આચર્યું હોવાનું કહેવાય છે. ૨૨ વર્ષીય યુવતીએ તેના પતિના સહકર્મી પર ઘરમાં ઘૂસીને દુષ્કર્મ આચરવાનો આરોપ લગાવ્યો છે. એટલું જ નહીં, યુવતીના પતિએ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરી હોવા છતાં, અસામાજિક તત્ત્વોએ તેને કેસ નહીં નોંધવા માટે ધમકી આપી હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.

આ ગંભીર આક્ષેપો છતાં, અમરેલી પોલીસે શરૂઆતમાં ફરિયાદ દાખલ ન કરતાં પીડિત યુવતી માનસિક રીતે ભાંગી પડી હતી.

પીડિત પક્ષનો આક્ષેપ છે કે પોલીસે હજી સુધી ફરિયાદ દાખલ કરી નથી અને આરોપીને છાવરવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી નહીં થતા આખરે પીડિત યુવતીએ હતાશ થઈને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ યુવતીને અમરેલીની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે.

# માંગરોળના ભાટ ગામમાં શ્વાનના હુમલામાં ૧૦ લોકોને ઈજા થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢમાં રખડતાં શ્વાનના આતંકની ઘટના સામે આવી છે. જેમાં માંગરોળમાં શ્વાને ૧૦થી વધુ લોકો પર હુમલો કર્યો હતો. આ સાથે શ્વાને ૨૦ જેટલાં પશુઓને બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે. શ્વાને હુમલો કરતાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, જૂનાગઢના માંગરોળના ભાટ ગામમા રસ્તે રખડતાં શ્વાને ૧૦થી વધુ લોકો પર હુમલા કર્યો હોવાની ઘટનાને લઈને સ્થાનિકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જેમાં શ્વાને મોટાભાગે વૃદ્ધા લોકો પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે.

શ્વાનના હુમલાના બનાવમાં લોકોને હાથ અને પગના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં લોકો પર શ્વાને હુમલો કરતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.